RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 294, Dt.01-3-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ - ઝેલેન્સ્કી વચ્ચે ઉગ્ર તડાફડી

## યુધ્ધ વિરામ તથા ખનિજ કરાર માટેની બેઠકમાં અમેરિકા – યુક્રેન વડા વચ્ચે ખુલ્લો ઝઘડોઃ યુક્રેન દુનિયાને ત્રીજા વિશ્વ યુધ્ધ ભણી ધકેલે છે : વિશ્વ સ્તબ્ધ

**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

વ્હાઈટ હાઉસમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચેની મુલાકાત દરમિયાન શું થયું તેની ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે. બંને નેતાઓ વચ્ચેની મુલાકાત ઔપચારિક મુલાકાતથી શરૂ થઈ. જ્યારે આ બંને નેતાઓ એકબીજા સાથે વાત કરી રહ્યા હતા, ત્યારે આખી દુનિયા, ખાસ કરીને રશિયા અને યુરોપિયન દેશો, તેમની દરેક વાત ધ્યાનથી સાંભળી રહ્યા હતા. ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચેની સામાન્ય વાતચીત ઝડપથી ગરમાગરમ ચર્ચામાં ફેરવાઈ ગઈ. આ ચર્ચા દરમિયાન, દુનિયાએ જોયું કે કેવી રીતે એક હારેલા દેશના રાષ્ટ્રપતિ અને દુનિયાના સૌથી શક્તિશાળી કહેવાતા દેશના રાષ્ટ્રપતિ વચ્ચે ટક્કર થઈ. જ્યારે ટ્રમ્પ અને ઝેલેન્સકી વ્હાઈટ હાઉસમાં મળી રહ્યા હતા, ત્યારે યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ પણ ત્યાં હાજર હતા. જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ અંગે ટ્રમ્પ અને ઝેલેન્સકી વચ્ચે ચર્ચા વધી, ત્યારે ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે પણ ઝેલેન્સકીને કડક સ્વરમાં સમજાવવાનો શ્રેષ્ઠ -યાસ કર્યો, પરંતુ ઝેલેન્સકી કોઈની વાત સાંભળવા તૈયાર ન હતા. તેઓ અટક્યા નહિ.

શુક્રવારે ઓવલ ઓફિસમાં એક બેઠક દરમિયાન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી પર પ્રહારો કર્યા અને લાખો લોકોના જીવન સાથે રમવા બદલ ઝેલેન્સકીને ઠપકો આપ્યો. ટ્રમ્પે કહ્યું કે યુક્રેનિયન રાષ્ટ્રપતિના પગલાં ત્રીજા વિશ્વયુદ્ધને વેગ આપી શકે છે. આ પછી, ઝેલેન્સકી અચાનક અમેરિકા સાથે મહત્વપૂર્ણ ખનિજ કરાર પર હસ્તાક્ષર કર્યા વિના વ્હાઈટ હાઉસ છોડીને ચાલ્યા ગયા. ટ્રમ્પે આ કરારની માંગ કરી હતી, અને કહ્યું હતું કે તે યુક્રેનને ભવિષ્યમાં ટેકો આપવા માટે એક શરત છે.

ટ્રમ્પ, ઝેલેન્સકી અને પ્રતિનિધિમંડળ કેબિનેટ રૂમની બહાર લંચ લેવાના હતા, પરંતુ બાદમાં સ્ટાફ ત્યાં સલાડ પ્લેટ અને અન્ય વસ્તુઓ પેક કરતા જોવા મળ્યા.

ટ્રમ્પ, ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ અને ઝેલેન્સકીએ લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી, જેમાં છેલ્લી ૧૦ મિનિટ ત્રણેય વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ. ઝેલેન્સકીએ પોતાનો પક્ષ રજૂ કરતાં, રશિયાની રાજદ્વારી પ્રતિબદ્ધતા



અંગે શંકા વ્યક્ત કરી અને મોસ્કો દ્વારા તૂટેલી પ્રતિબદ્ધતાઓનો ઉલ્લેખ કર્યો. તેની શરૂઆત વાન્સે ઝેલેન્સકીને કહેતા કરી, આદરપૂર્વક, શ્રીમાન રાષ્ટ્રપતિ. મને લાગે છે કે તમારા માટે ઓવલ ઓફિસમાં આવીને અમેરિકન મીડિયા સામે આનો મુકદ્દમો ચલાવવાનો પ્રયાસ કરવો એ અપમાનજનક છે.

જણાવી દઈએ કે આ બેઠક પછી, ટ્રમ્પના ટોચના સલાહકારોએ ઝેલેન્સકીને વ્હાઈટ હાઉસ છોડવા કહ્યું. તમે ત્રીજા વિશ્વયુદ્ધ સાથે રમી રહ્યા છો. તમે જે કરી રહ્યા છો તે આ દેશ માટે ખૂબ જ અપમાનજનક છે. આ દેશે તમને એવી રીતે ટેકો આપ્યો છે જે ઘણા લોકો કહે છે કે તેમને ન મળવો જોઈએ, ટ્રમ્પે ઝેલેન્સકીને કહ્યું.

શુક્રવારે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા પહોંચ્યા, ત્યારે એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ પોતાનું વલણ છોડી દેશે અને યુદ્ધનો અંત લાવવા તરફ આગળ વધશે, પરંતુ અહીં વિપરીત થયું. ઝેલેન્સકી કેમેરા સામે વિશ્વના સૌથી શક્તિશાળી માણસ સાથે ટકરાયા. જ્યારે અમેરિકા અને યુક્રેન વચ્ચે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ, ત્યારે ટૂંકી ચર્ચા પછી, ઝેલેન્સકી વ્હાઈટ હાઉસ છોડીને ચાલ્યા ગયા. ટ્રમ્પે ઝેલેન્સકીનું સ્વાગત કર્યું, પરંતુ જ્યારે તેઓ જતા હતા ત્યારે તેમને વિદાય આપવા ગયા ન હતા. જોકે, આ વિવાદ પછી, વિશ્વના ઘણા દેશો, ખાસ કરીને યુરોપિયન દેશોએ ઝેલેન્સકી અને યુક્રેનને ટેકો આપ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી વચ્ચે વાતચીત શરૂ થઈ. આ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ પણ હાજર હતા. જ્યારે બંને નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધની વર્તમાન પરિસ્થિતિ વિશે વાત કરવાનું શરૂ કર્યું, ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે પોતાનો સ્વર થોડો કઠોર બનાવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે, મોટા અને કડક અવાજમાં, ઝેલેન્સકીને કહ્યું કે કાં તો સોદો કરો અથવા આપણે બહાર નીકળી જઈએ. હવે યુએસ ઉપરાષ્ટ્રપતિ પણ ચર્ચામાં જોડાયા, જ્યારે ઝેલેન્સકીએ તેમને મોટેથી બોલવાનું ટાળવાનું કહ્યું. કડક વલણ અપનાવતા, યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને કહ્યું કે યુદ્ધનો અંત લાવવા માટે રાજદ્વારી નીતિની જરૂર છે.

જોકે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ વળતો પ્રહાર કરતા કહ્યું કઈ રાજદ્વારી? ત્યારબાદ વાન્સે તેમના પર રાષ્ટ્રપતિ પદનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો.

## નવા મહિનાના પ્રારંભે જ કોમર્શિયલ રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો

- રૂ.૬નો ભાવવધારો ઝીંકાયો : ઘરવપરાશના રાંધણગેસના ભાવ યથાવત



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાંધણગેસના ભાવમાં બજેટના દિવસે આપવામાં આવેલી રાહત સરભર કરી લેવામાં આવી હોય તેમ આજે નવા મહિનાના પ્રારંભે જ ભાવવધારાનો ડામ આપવામાં આવ્યો છે.

પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા રાંધણગેસના કોમર્શિયલ સિલીન્ડરના ભાવમાં રૂ.૬નો વધારો કરવામાં આવ્યો છે. દેશભરમાં આ ભાવવધારો લાગુ કરવામાં આવ્યો છે.

પાટનગર દિલ્હીમાં કોમર્શિયલ રાંધણગેસ સીલીન્ડરનો ભાવ ૧૭૯૭થી વધીને ૧૮૦૩ કરવામાં આવ્યા છે જયારે કોલકતામાં ૧૯૧૩ તથા મુંબઈમાં ૧૭૫૫.૫૦ થયા છે.

પેટ્રોલિયમ કંપનીઓએ જો કે, ઘરવપરાશના સિલીન્ડરના ભાવમાં કોઈ બદલાવ કર્યો નથી. ૧૪ કિલોના સબસીડીયુક્ત સિલીન્ડરના ભાવ યથાવત રખાયા છે.

ગત ઓગસ્ટથી તેના ભાવમાં કોઈ બદલાવ કરાયો નથી અને રૂા.૮૦૩ની કિંમત યથાવત રાખવામાં આવી છે. મુંબઈમાં ભાવ ૮૦૨.૫૦ તથા કોલકતામાં ૮૨૯ છે. ગત મહિને રાંધણગેસની કિંમતમાં સાત રૂપિયાનો ઘટાડો કરી દેવાયો હતો તે રાહત આજના ભાવવધારાથી છીનવાયાનો ઘાટ છે.

## ભારતીય અર્થવ્યવસ્થા માટે સકારાત્મક સંકેત

### મહાકુંભના ભવ્ય આયોજનથી ટ્રાન્સપોર્ટ, ફુડ અને હોટેલ જેવા અનેક ઉદ્યોગોને મળી ગતિ : ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી વિકાસ દર ૬.૫ ટકા રહેવાની આશા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈલેક્ટ્રોનિક્સ તમામ વૈશ્વિક પડકારો છતાં ઘરેલુ માંગની મજબૂતીના કારણે દુનિયામાં સૌથી ઝડપી ગતિથી વિકાસ કરવાનો દોર ચાલુ છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની ત્રીજી ત્રિમાસિક (ઓકટોબર-ડિસેમ્બર)માં ભારતના જીડીપીનો વિકાસ દર ૬.૨ ટકા નોંધાયો. જે ચીન, અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝીલ જેવા તમામ વિકસીત અને વિકાસશીલ દેશોની તુલનામાં વધુ છે.

ભારતીય અર્થવ્યવસ્થા માટે સકારાત્મક સંકેત એ છે કે, મહાકુંભના ભવ્ય આયોજન, જાહેર કંપનીઓના મૂડીગત ખર્ચમાં વધારો અને બિન જેમ્સ અને જવેલરી નિકાસમાં વધારાથી ચાલુ નાણાકીય વર્ષની ચોથી ત્રિમાસિક (જાન્યુઆરી-માર્ચ)માં વિકાસ દર ૭.૬ ટકા રહેવાનું અનુમાન છે.

ચોથા ત્રિમાસિકમાં જીડીપીના સારા પર્ફોર્મન્સથી ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી વિકાસદર ૬.૫ ટકા રહ્યાની આશા વ્યક્ત કરાઈ છે. આ વિકાસ દરને હાંસલ કરવાથી આ વર્ષે માર્ચના અંતમાં ભારતીય અર્થવ્યવસ્થાનો આકાર વર્તમાન મુલ્ય પર ચાર ટ્રીલીયન ડોલરની પાસે પહોંચી જશે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે, પ્રયાગરાજમાં મહાકુંભના ભવ્ય આયોજનથી ટ્રાન્સપોર્ટ, ફુડ, હોટેલ જેવા અનેક ઉદ્યોગોને બળ મળ્યું છે.

૫૦-૬૦ કરોડ લોકો મહાકુંભમાં સામેલ થયા જેથી ખર્ચમાં વધારો થયો તેની પ્રભાવશાળી અસર ચોથી ત્રિમાસિકની જીડીપીમાં દેખાશે. તેમણે જણાવ્યું હતું કે પહેલી અને બીજી ત્રિમાસિક દરમિયાન જાહેર ખર્ચમાં ચુંટણીના કારણે કમી રહી હતી પણ હવે તેમાં ઘણો વધારો થયો છે.



આ વર્ષે જાન્યુઆરી સુધીમાં મૂડીગત ખર્ચ અનુમાનના ૭૫ ટકા ખર્ચ થઈ ગયો છે, આ ઉપરાંત બિન પેટ્રોલિયમ અને બિન જેમ્સ અને જવેલરી ક્ષેત્રના નિકાસમાં ૧૦ ટકાનો વધારો થયો છે. ગ્રામીણ અને શહેરી બન્નેના વપરાશમાં વધારો થઈ રહ્યો છે, એટલે ચોથી ત્રિમાસિકમાં ૭.૬ ટકાનો વધારો વાસ્તવિક દેખાઈ રહ્યો છે. નાગેશ્વરને કહ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના અંતમાં ભારતીય અર્થવ્યવસ્થાનો આકાર ૩.૯૨ ટ્રિલિયન ડોલરનો થઈ જશે અને આપણે લગભગ ૪ ટ્રિલિયન ડોલરના સ્તરને સ્પર્શવામાં સફળ થઈશું.

## વડાપ્રધાન મોદી આજે જામનગરમાંઃ કાલે સવારે વનતારા જશે

### જામનગર એરપોર્ટ ખાતે સાંજે આવી પહોંચ્યા બાદ મોટર માર્ગે એરપોર્ટથી લાલબંગલા સર્કીટ હાઉસ દરમિયાન લોકોનું ઝીલશે અભિવાદન

**મુખ્ય સમાચાર,જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સાંજે જામનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યાં છે. વડાપ્રધાનના આ પ્રવાસ સંદર્ભે જિલ્લાના વહીવટીતંત્રએ તૈયારીને આજે આખરી ઓપ આપ્યો છે. વ્યવસ્થાની બાગડોળ જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે હાથમાં લીધી છે. ગઈકાલે સાંજે પણ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકનો ધમધમાટ ચાલ્યો હતો.

વડાપ્રધાન રાત્રી રોકાણ જામનગરમાં કરશે. જામનગરમાં આવ્યા બાદ તેઓ પૂર્વ રાજવી જામસાહેબ શ્રી શત્રુશલ્યસિંહજી જાડેજાને તેમના જન્મદિવસ દિવસે શુભેચ્છા આપવા પાયલોટ બંગલા તરીકે ઓળખાતા તેમના નિવાસસ્થાનની મુલાકાતે જશે. વડાપ્રધાનના આગમન પહેલાં જ જામનગરમાં વડાપ્રધાનનો સમગ્ર રૂટ સુરક્ષા છાવણીમાં ફેરવાઈ ગયો છે.

આવતીકાલે વહેલી સવારે જામનગરથી ૩૦ કિમી દૂર આવેલ રિલાયન્સ રિફાઈનરી પાસેના રિલાયન્સના ટ્રસ્ટ સંચાલિત પ્રાણી સંગ્રહાલય - રેસ્કયુ સેન્ટર નવનતારાથની મુલાકાતે જનાર છે. આથી જામનગર એરપોર્ટથી વનતારા સુધીનો માર્ગ પણ ચોખ્ખો ચણાક કરવા માટે તંત્રએ કમ્મર કસી છે.

વનતારાથી વડાપ્રધાન રવાના થઈ હવાઈ માર્ગે જૂનાગઢ જવા રવાના થશે. તેઓ સાસણ વાઈલ્ડ લાઈફ બોર્ડની મીટીંગમાં ભાગ લેશે અને સોમનાથના દર્શન કરે તેવો કાર્યક્રમ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તા.૨ માર્ચને રવિવારના રોજ સાસણ ગીર ખાતે નેશનલ વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સનું આયોજન થયું છે. આ કાર્યક્રમમાં હાજરી આપતા પહેલાં વડાપ્રધાન આજે સાંજે જામનગર જિલ્લાની ટૂંકી મુલાકાતે આવી પહોંચશે.

સુત્રોના જણાવ્યા અનુસાર સરકારની સુચનાથી જામનગર જિલ્લા વહીવટી તંત્રએ આ માટે તૈયારી શરૂ કરી દીધી છે. ગઈકાલે સતત બીજા દિવસે પણ જિલ્લા કલેક્ટર કેતનભાઈ ઠક્કર દ્વારા શહેર જિલ્લાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.



ખાસ કરીને મ્યુનિસીપલ કમિશનર ડી.એન.મોદી અને જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ તેમજ જિલ્લા વિકાસ અધિકારી ડો.વિકલ્પ ભારદ્વાજ સાથે ખાસ ચર્ચા કરી હતી અને આયોજન સંદર્ભે જરૂરી કામગીરીની સુચનાઓ આપી હતી.

કલેકટરની સુચનાથી માર્ગ મકાન વિભાગે સર્કીટ હાઉસની સાફ સફાઈ અને રંગરોગાનની કામગીરી બે દિવસથી ચાલુ કરી દીધી છે. એરપોર્ટથી લાલબંગલા સુધી બેરીગેઈટ ઉભા કરી દેવાયા છે. એટલું જ નહીં આ માર્ગ ઉપર પોલીસ અને હોમગાર્ડનો બંદોબસ્ત પણ ગઈકાલથી ગોઠવી દેવાયો છે.

## પંજાબના છેલ્લા બે મહિનામાં થયેલ વિસ્ફોટ ત્રાસવાદી કૃત્ય હોવાનો ઘટસ્ફોટ

- બે ઝબ્બે; બબ્બર ખાલસા તથા પાક. આઈએસઆઈની સંડોવણી



**મુખ્ય સમાચાર,અમૃતસર**

પંજાબના છેલ્લા બે મહિનામાં વિસ્ફોટ સહિતના બે હુમલા એ ત્રાસવાદી કૃત્ય હોવાનો ખુલાસો થયો છે. પંજાબ પોલીસ દ્વારા આતંકી મોડયુલનો પર્દાફાશ કરવા સાથે બે આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી.

પંજાબના પોલીસ વડા ગૌરવ યાદવે જણાવ્યું હતું કે, ૧૫ જાન્યુઆરીએ રાજયના જૈન્તીપુર તથા ૧૭ ફેબ્રુઆરીએ રૈમલમાં થયેલા હુમલા પાછળ બબ્બર ખાલસા તથા પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની સંડોવણી બહાર આવી છે.

બટાલા પોલીસ દ્વારા મોહિત તથા વિશાલ નામના બે સાગ્રીતોની ધરપકડ કરવામાં આવી છે. આ બન્ને શખ્સો અમેરિકા સ્થિત ત્રાસવાદી હેપ્પી પાસને તથા પાક સ્થિત હરવિંદર રીન્ડા માટે કામ કરતા હોવાનુ ખુલ્યુ હતુ.

આ બન્ને શખ્સો પાસેથી હથિયાર મળ્યા છે. તેઓએ છટકવા માટે પોલીસ પર ફાયરીંગ કર્યુ હતુ. વળતા હુમલામાં તેઓ ઘાયલ થયા હતા.

## ભારતીય શેરબજારમાં મંદીએ હાહાકાર સર્જયો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતીય શેરબજારમાં મંદીએ હાહાકાર સર્જયો છે ૨૮ વર્ષ પછી પ્રથમ વખત સળંગ પાંચ મહિનાની મંદી જોવા મળી છે અને તેમાં રોકાણકારોનાં ૯૫ લાખ કરોડ ધોવાઈ ગયા છે. આ સમયગાળામાં સેન્સેકસ તેના સર્વોચ્ચ સ્તરેથી ૧૭ ટકા તથા નિફટી ૧૮ ટકા નીચે આવી ગયા છે.

શેરબજારમાં સપ્ટેમ્બર ૨૦૨૪ માં સેન્સેકસ તથા નિફટીએ સર્વોચ્ચ ઉંચાઈ બનાવી હતી તે પછી ચાલુ થયેલો મંદીનો રેલો સતત પાંચમા મહિને પણ યથાવત હતો.ફેબ્રુઆરીમાં પણ માર્કેટમાં જ મંદી જ થઈ હતી.

રેકોર્ડ સ્તરેથી સેન્સેકસ ૧૭.૪૫ ટકા તૂટીને ૭૩૧૯૮.૧૦ તથા નિફટી ૧૮.૭૦ ટકા તૂટીને ૨૨૧૨૪.૭૦ ના સ્તરે આવી ગયા છે. આ સમયગાળામાં ઈન્વેસ્ટરોની ૯૫ લાખ કરોડની શેરમૂડીનું ધોવાણ થયુ છે.

શેરબજારની તેજી દરમ્યાન સરકારી કંપનીઓનાં શેરોએ અભૂતપૂર્વ તેજી સુચવી હતી. હવે મંદીમાં આ ક્ષેત્રની કંપનીઓનાં શેરો જ નિશાન બન્યા હોય તેમ ૨૫ લાખ કરોડની શેરમુડીનું ધોવાણ આ ક્ષેત્રનાં શેરોમાં જ થયુ હતું.નિફટી પીએસઈ ઈન્ડેકસ ઓગસ્ટ ૨૦૨૪ થી અત્યાર સુધીમાં ૩૨ ટકા ગબડી ચુકયો છે. આટલા મોટા ઘટાડાથી એ સાબીત થયુ છે કે વેચવાલીના મારાથી મંદીમાંથી કોઈપણ ક્ષેત્રનાં શેરો બાકાત રહી શકયા નથી.

ફેબ્રુઆરી મહિનાને લાગેવળગે છે ત્યાં સુધી સેન્સેકસ ૫.૫ ટકા અર્થાત ૪૩૦૦ પોઈન્ટથી વધુ તૂટયો ગયો છે.મીડકેપ નિફટીમાં ૧૧ ટકાનો કડાકો હતો જે માર્ચ ૨૦૨૦ પછીના પાંચ વર્ષોને સૌથી મોટો માસીક કડાકો હતો. માર્ચ ૨૦૨૦ માં નિફટી મીડકેપ ૩૦ ટકા ગગડયો હતો.




મીડકેપ શેરોમાં ચાલુ કેલેન્ડર વર્ષના અત્યાર સુધીના બે મહિનામાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે. સતત ઘટાડો છતા હજુ ઘણા મીડકેપ શેરોનું છે.વેલ્યુએશન ઉંચુ જ છે. એટલે આપતા દિવસોમાં વધુ ઘટાડાને અવકાશ હોવાનું નિષ્ણાંતોનું કથન છે. શેરબજારનાં વર્તમાન કડાકા પાછળનું મુખ્ય કારણ અમેરિકાનું ટ્રેડવોર જ ગણવામાં આવે છે મેકસીકો, કેનેડા, ચીન અને હજુ અનેક દેશોએ અમેરિકી ટેરીફનો સામનો કરવો પડશે અને વિશ્વ વ્યાપાર પર તેના વિપરીત પ્રત્યાઘાતો પડવાની આશંકાથી માર્કેટનુ મોરલ ડાઉન થઈ ગયુ છે. આ સિવાય વિદેશી નાણા સંસ્થાઓની સતત વેચવાલી આર્થિક વૃધ્ધિદર સામે આશંકા, મંદીને કારણે મ્યુચ્યુઅલ ફંડોની એનઓપીમાં ધોવાણ તથા કરન્સી માર્કેટમાં અમેરિકી ડોલર સામે તૂટતો રૂપિયો જેવા કારણો જ પણ મંદી માટે જવાબદાર છે.

## કેન્દ્ર સરકારનો મોટો નિર્ણયઃ ૧ ઓક્ટોબર ૨૦૨૩ પછી જન્મેલા લોકોના જન્મ પ્રમાણપત્ર વગર પાસપોર્ટ નહીં બને

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

પાસપોર્ટ એક એવો દસ્તાવેજ છે જેનાથી કોઈ પણ વ્યક્તિની ઓળખ અને તેની નાગરિકતા સાબિત થાય છે. વિદેશ પ્રવાસ માટે આ સૌથી જરૂરી દસ્તાવેજ છે. તેની મદદથી જ તમે અન્ય દેશોમા ફરવાનું, ભણવાનું, બિઝનેસ કે અન્ય કારણોસર મુસાફરી કરી શકો છે. ત્યારે હવે પાસપોર્ટને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે પાસપોર્ટ માટે અરજી કરનારાઓ માટેના નિયમોમાં સુધારો કર્યો છે. નવા સુધારા પ્રમાણે હવે ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા અરજદારો માટે સરકાર અને યોગ્ય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર જ જન્મ તારીખનો એકમાત્ર પુરાવો રહેશે. આ જન્મ પ્રમાણપત્ર વિના જન્મ તારીખ સાચી ગણવામાં આવશે નહીં અને તેના વિના પાસપોર્ટ નહીં બનશે.

કેન્દ્ર સરકાર દ્વારા આ અઠવાડિયે ૧૯૮૦ના પાસપોર્ટ નિયમોમાં સુધારાને અસર કરતી એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી હતી. આ નોંધ અંગે અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, સુધારાઓ સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થયા બાદ નવા નિયમો લાગુ થઈ જશે.

આ નવા નિયમો પ્રમાણે ૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ અથવા તે પછી જન્મેલા લોકોના જન્મ તારીખના પુરાવા માટે માત્ર જન્મ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. આ જન્મ




પ્રમાણપત્ર જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રાર, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ હેઠળ સત્તા પ્રાપ્ત કોઈપણ યોગ્ય અધિકારી દ્વારા જારી કરાયેલ હોવું જરૂરી છે. આ ઉપરાંત આ તારીખ પહેલાના અરજદારો જૂની સિસ્ટમ પ્રમાણે જન્મ તારીખના પુરાવા તરીકે ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર જેવા વૈકલ્પિક દસ્તાવેજો પણ જમા કરાવી શકે છે.

મુખ્ય સમાચાર

Dt.01-3-2025

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પગલે ચાર માર્ગ ૨૬ કલાક બંધ રહેશેઃલાલપુર ચોકડીથી મેઘપર, સાત રસ્તા માર્ગનો સમાવેશ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર એરફોર્સ ગેઈટથી દિગ્જામ સર્કલ માર્ગ પર વાહનોને પ્રતિબંધ કોન્વોય રૂટ સહિતના વિસ્તાર નો-ડ્રોન ફ્લાયઝોન જાહેર આગામી તા.૧ માર્ચના વડાપ્રધાન સર્કીટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરનાર છે. આથી મહાનુભવોની સુરક્ષા તેમજ કાયદો વ્યવસ્થાની સ્થિતિને અનુલક્ષીને જિલ્લાના એરફોર્સ સ્ટેશન, પ્રદર્શન ગ્રાઉન્ડ, સાત રસ્તા, જામનગર એરપોર્ટથી લાલ બંગલા સંકુલ સુધી તથા મહાનુભાવોના આવવા-જવાના કોન્વોય રૂટ અને જામનગર (શહેર) થી લાલપુર તાલુકાના મેઘપર (પડાણા) સુધીના જામનગર ખંભાળિયા હાઈવેના રસ્તાની આજુ-બાજુના વિસ્તારોને નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરાયો છે. આ વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામા આવતા ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, હેગ ગ્લાઈડર, પેરા ગ્લાઈડર, પેરા મોટર તેમજ હોટ એર બલૂન પર પ્રતિબંધ ફરમાવાયો છે.જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન સંદર્ભે સુરક્ષા વ્યવસ્થાઓના કારણોથી તા. ૧ માર્ચે સાંજે ૪ કલાકથી તા.૨ માર્ચ સાંજે ૬ કલાક સુધી લાલપુર બાયપાસથી મેઘપર પડાણા, સાત રસ્તા સર્કલથી ટાઉનહોલ, એરફોર્સ ગેઈટથી દિગ્જામ સર્કલ, ખંભાળિયા બાયપાસથી સાત રસ્તા સર્કલ સુધી રસ્તો બંધનું જાહેરનામું બહાર પડાયુ છે.

લાલપુર બાયપાસથી મેઘપર પડાણા ત્રણ રસ્તા સુધી રસ્તો બંધ રહેશે. જેના વૈકલ્પિક રૂટ તરીકે મેઘપર પડાણા ત્રણ રસ્તા પડાણા - કાનાલુસ ફાટક - સેતાલુસ આરબલુસ - મેઘનું ગામ પીપળી - ખોજા બેરાજા ચન્દ્રગઢ - ચંગા પાટીયા ત્રણ રસ્તા - દરેડ ગામ - લાલપુર બાયપાસ તરફનો ડાયવર્ઝન રૂટ ઉપયોગમાં લેવાનો રહેશે. ટુ-વ્હીલર ફોર વ્હીલર વાહનો માટે સાત રસ્તાથી ટાઉનહોલ સર્કલ સુધીનો રસ્તો બંધ રહેતા વૈકલ્પિક રૂટ તરીકે ઓશવાળ હોસ્પિટલ સર્કલ તરફથી આવતા વાહનો એસ.ટી. ડેપો થઈ તળાવની પાળ-ટાઉન સર્કલ તીનબત્તી થઈ અંબર છત્રી- જી.જી. હોસ્પિટલ તરફનો ડાયવર્ઝન રૂટ તથા વિનુ માંકડના સ્ટેચ્યુ થી તુલશી હોટલ અને તુલશી હોટલથી લાલ બંગલા સર્કલ સુધીના રસ્તાના વૈકલ્પિક રૂટ તરીકે ગુરૂદ્વારા સર્કલથી અંબર સર્કલ - ઝુલેલાલ મંદીર - તીનબતી થઈ બેડી ગેઈટ તરફ જવાનો રસ્તો અને તુલસી હોટલથી લીમડાલાઈન તીનબત્તી સુધીના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

ખંભાળીયા બાયપાસ થી દિગ્જામ સર્કલથી સંતોષી માતાજીના મંદિર - સાતરસ્તા સર્કલ સુધીનો રસ્તો બંધ રહેતા સમર્પણ સર્કલ તરફ આવતા વાહનો માટે ખંભાળીયા બાયપસથી લાલપુર બાયપાસ- સાધના કોલોની- પવનચક્કી તરફનો ડાયવર્ઝન રૂટ ખંભાળીયા બાયપાસ-લાલપુર બાયપાસ- ઠેબા ચોકડી-ખીજડીયા બાયપાસ સુધી તથા પંચવટી સર્કલથી સંતોષી માતાજીના મંદિર તરફ આવતા વાહનો માટે સત્યમ હોટલ થી સત્યસાઈ સ્કુલ- હનુમાન ગેઈટ ચોકી થઈ ગુરૂદ્વારા માર્ગનો ઉપયોગ કરી શકાશે.

# ઉપલેટામાં અસામાજિક તત્ત્વોનો આતંકઃલોકોમાં રોષ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં બનેલી મારામારીની અને આવારા તત્વોનો આતંકની ઘટનાને લઈને ઉપલેટામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી વધુ જાણવા મળેલ કે, રીક્ષા ચાલક સાથે નજીવી બાબતે બોલાચાલી કરી જાહેરમાં દરેક લોકોને બિભત્સ ગાળો ભાંડીને આતંક મચાવ્યો હતો. અબુ ઉર્ફે જામ મિયાણા નામના શખ્સે પહું ઉપલેટાનો બાપ છુંથ નો વાણીવિલાસ કરીને કોને ઝગડવું છે. એવું કહીને છરી લઈને આંતક મચાવતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો લોકોએ તેનું સરભરા કરવાની માંગ કરી હતી ઉપસ્થિત ટોળાને ઉપલેટા ડીવાયએસપી, એલસીબી સહિતના પોલીસે આરોપીને ઝડપી પાડ્યા બાદ સમસ્ત હિન્દુ સમાજે આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવાની માંગ કરી હતી. જાહેરમાં છરી સાથે ગાળાગાળી કરનારા આરોપીનું જાહેર સરઘસ કાઢવા માટે લોકોની માંગ સામે પોલીસ અધિકારીઓએ સમજાવટ અને આરોપીને ઘટના સ્થળે પંચનામુ કરવા માટે લાવવાની ખાત્રી આપ્યા બાદ લોકોના ટોળા વિખેરાયા હતા.





ઉપલેટામાં વિધર્મી વચ્ચે વિવાદ સર્જાયો હોવાની બાબતે શહેરના મુખ્ય ચોકમાં હજારોની સંખ્યામાં લોકો એકત્રિત થયા છે. આવારા તત્ત્વોના આતંકને લઈને રાત્રે લોકોના ટોળા એકઠા થતા પોલીસ દોડી આવી હતી. ગામના લોકો આવારા તત્વોના આતંક અને દાદાગીરી સામે કાર્યવાહી કરવાની માંગ સાથે એકત્ર થયા હતા. પોલીસે કાર્યવાહીની ખાત્રી આપ્યા છતાં ફરીથી લોકો ફરીથી લોકો સવારે એકત્ર થયા હતા ઉપલેટા માં હિન્દુ સંગઠન દ્વારા રોજગાર ધંધા બંધ રાખવાનું આહ્વાન કરાયું હતું. આ સાથે આરોપીનું જાહેર સરભરા કરવાની પણ લોકોએ માંગ કરી હતી. હાલ ઉપલેટા શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો અને આરોપીને જાહેરમાં સરભરા કર્યો હોવાનું પણ સામે આવ્યું પોલીસની કામગીરી ને જનતાએ વખાણ કર્યા હોવાનું સામે આવ્યું છે.

# હર્ષદમાં શિવલિંગ ચોરી પ્રકરણમાં આરોપીઓ પાસે કરાવાશે રિકન્ટ્રક્શનઃ બે શખ્સ એક દિવસના રિમાન્ડ પર

**મુખ્ય સમાચાર,જામનગર**

દ્વારકા જિલ્લામાં આવેલા સુવિખ્યાત યાત્રાધામ હર્ષદ (ગાંધવી) સ્થિત એક જાણીતા શિવ મંદિરમાં ગત તારીખ ૨૫ ફેબ્રુઆરીના રોજ કોઈ શખ્સોએ પ્રવેશ કરી, અહીં સ્થાપિત શિવલિંગની ચોરી કરીને લઈ ગયાના અતિ ચકચારી બનાવમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસે વિવિધ પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી અને ખૂબ જ ટૂંકા સમયગાળામાં મહિલાઓ સહિત ૧૧ આરોપીઓને શિવલિંગ તથા ચોરીના બનાવમાં ઉપયોગમાં લેવામાં આવેલી કાર સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

આ શખ્સોને પોલીસે ગઈકાલે કલ્યાણપુરની અદાલતમાં રજુ કરી, રિમાન્ડની માંગણી કરતા અદાલતે મુખ્ય બે આરોપીઓના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે ત્રણ મહિલાઓ સહિત નવ આરોપીઓને જેલ હવાલે કરાયા છે.

કલ્યાણપુર તાલુકાના હર્ષદ ખાતે ગત તારીખ ૨૫ના રોજ શિવલિંગની થયેલી ચોરી કે જે સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચાસ્પદ બની ગઈ હતી. જે પડકારરૂપ બનાવ સંદર્ભે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ બનાવની ગંભીરતા પારખી અને ડીવાયએસપી, એલસીબી અને એસ.ઓ.જી.ના તમામ ચુનંદા અધિકારીઓની ટીમ સાથે પસીટથની રચના કરવામાં આવી હતી. વ્યાપક પડકારો વચ્ચે જિલ્લા પોલીસના જાંબાઝ અધિકારીઓની ચુનંદા ટીમ દ્વારા ઘાસમાંથી સોય કાઢવા જેવો આ પડકાર ઝીલી અને ટૂંકા સમયગાળામાં હિંમતનગર તાલુકાના મેડી ટીંબા ગામના મહેન્દ્રસિંહ ઉર્ફે રમેશ કરણસિંહ મકવાણા (ઉ.વ. ૩૫), જગતસિંહ ઉમેદસિંહ મકવાણા (ઉ.વ. ૫૫), મનોજસિંહ અમરતસિંહ મકવાણા (ઉ.વ. ૧૯), વનરાજસિંહ સમરતસિંહ મકવાણા (ઉ.વ. ૪૦), રમેશસિંહ આલુસિંહ મકવાણા (ઉ.વ. ૩૮), કેવલસિંહ રૂપસિંહ મકવાણા (ઉ.વ. ૨૨), હરેશસિંહ જશવંતસિંહ મકવાણા (ઉ.વ. ૨૫) અને અશોકસિંહ દિલીપસિંહ મકવાણા (ઉ.વ. ૨૩) સાથે ત્રણ મહિલાઓ મળી ૧૧ શખ્સોની અટકાયત કરી હતી.



પડકારરૂપ કેસને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ ગણતરીના કલાકોમાં ઉકેલીને આરોપીઓને ઝડપી લેવામાં પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે. ઉપરોક્ત આરોપીઓને તપાસનીસ અધિકારી દ્વારા કલ્યાણપુરની અદાલતમાં રજૂ કરી, રિમાન્ડની માંગણી કરતા નામદાર અદાલતે આ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવા માટે આરોપી મહેન્દ્રસિંહ ઉર્ફે રમેશ કરણસિંહ મકવાણા, જગતસિંહ ઉમેદસિંહ મકવાણા નામના બે આરોપીઓના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે ત્રણ મહિલાઓ અને છ પુરુષ આરોપીઓ મળી, કુલ નવ આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે.

# મોરબી જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને વાસ્મો સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષ સ્થાને વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન વાસ્મો સમિતિની સમીક્ષા બેઠક કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. આ બેઠકમાં નલ જલ મિત્રની આખરી યાદી મુજબ તેમને તાલીમ આપવી, ગ્રામ્ય કક્ષાએ પાણી વેરા વસૂલાત, એજન્સીના કોન્ટ્રાક્ટ રિન્યુઅલ, માધ્યમિક શાળામાં તાલીમ આપવી, પ્રગતિ હેઠળના વિકાસ કામો સહિત વિવિધ મુદ્દાઓની વિસ્તૃત પણે ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં કલેકટરે જણાવ્યું હતું કે, છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી પીવાનું પાણી લોકોને દરરોજ મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ છે. તાજેતરમાં પાણી ચોરી કરતા અનેક ગેરકાયદેસરના કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે અને તેનું રેગ્યુલર રિપોર્ટીંગ જીલ્લા કક્ષાએ થાય તે જરૂરી છે. પાણી ચોરી કરનારને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. મોરબી જીલ્લામાં સીરામીક, પેપર, પ્લાયવુડ, પાસ્ટિકના દાણા, પેકેજીંગ ઉદ્યોગો બહોળા પ્રમાણમાં આવેલા છે. ઉદ્યોગકારોને પાણી નિયમિત મળી રહે તે પણ સુનિશ્ચિત કરવું.

આ ઉપરાંત નલ જલ મિત્ર પ્રોજેક્ટ અન્વયે ૧૮૦ લોકોની પસંદગી કરવામાં આવી છે. જેમને આઈ.ટી.આઈ.માં તાલીમ આપવા અંગેની મંજૂરી અપાઈ છે. મોરબી જીલ્લાની ૧૦ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પાણી અંગે જાગૃત કરવા એફટીકે વોટર પ્યોરિફિકેશન તાલીમ સત્ર યોજાઈ છે, તેની મંજૂરી અપાઈ હતી. તેમજ રૂ.૧,૩૮૧,૩૧૧ રકમના નવા બોર, પમ્પીંગ મશીનરી અને એસેસરીઝ, વીજ કનેક્શન સહિતના વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. પાણી વેરા વસુલાતની કામગીરી ૧૦૦% પૂર્ણ કરવા તેમજ ઓડિટ કરતી એજન્સીના કોન્ટ્રાકટ વિશે ચર્ચા હાથ ધરાઈ હતી. હાલમાં મોરબી જીલ્લામાં વાસ્મો સમિતિના રૂ.૧૭૦.૪૬ લાખના વિવિધ વિકાસના કામો પ્રગતિ હેઠળ છે.





ઉક્ત સમીક્ષા બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ, જીલ્લા ગ્રામ વિકાસ સમિતિના નિયામક એન.એસ.ગઢવી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, વાસ્મો યુનિટ મેનેજર તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# મોરબીમાં અવાર નવાર મારામારીના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા તળે અટકાયત



મોરબી શહેરી વિસ્તારમાં અનેકો વાર મારામારીના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા દરખાસ્ત મંજુર થતા સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા આરોપીની પાસા તળે અટકાયત કરી સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યો છે. મોરબી શહેરમાં અવાર નવાર મારામારીના ગુન્હાઓ આચરતા અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટ કે.બી ઝવેરી તરફ મોકલતા તેઓ દ્વારા અવાર નવાર મારામારીના ગુન્હાઓમા પકડાયેલ અસામાજીક ઈસમ જયેશભાઈ તુલશીભાઈ કાસુન્દ્રા ઉવ.૩૯ રહે.મોરબી રવાપર બોનીપાર્ક શ્રીનાજી પેલેસ ફલેટનં.૫૦૧ મુળરહે.ધુનડા તા.ટંકારાવાળાના પાસા પ્રપોઝલ મંજુર કરી પાસા વોરંટ ઈસ્યુ કરતા તુરંત સીટી એ ડિવિઝન પોલીસ ટીમે ઉપરોક્ત આરોપીને ડિટેઈન કરી મધ્યસ્થ જેલ સાબરમતી અમદાવાદ ખાતે મોકલવામા આવેલ છે.

# મોરબીમાં વધુ એક બુટલેગર પાસાના પિંજરે પુરાયો



મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમને પાસા હેઠળ ડીટેઈન કરી જુનાગઢ જીલ્લા જેલ હવાલે કરાયો. મોરબી તાલુકા તથા માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલ ઈસમ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા તેઓ દ્વારા આરોપી તૈયબભાઈ ગુલમહમદભાઈ માણેક વાળાનું પાસા વોરંટ ઈશ્યુ કરેલ હોય, જે ઈસમની અટકાયત કરવા મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા અલગ અલગ ટીમ બનાવી આરોપી તૈયબભાઈ ગુલમહમદભાઈ માણેક ઉવ.૩૫ રહે.વીસીપરા મોરબી-૨ મુળ રહે.સિકારપુર તા.ભચાઉ જી.કચ્છ વાળાને પાસા એકટ તળે ડીટેઈન કરી જુનાગઢ જીલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# જામનગરમાં દિગ્જામ સર્કલ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવત પોલીસ તંત્ર દોડતું થયું

જામનગરમાં દિગ્જામ સર્કલ પાસેથી ઈજાગ્રસ્ત હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવત પોલીસ તંત્ર દોડતું થયું.જામનગરમાં દિગજામ સર્કલ નજીકથી એક પુરુષનો મૃતદેહ મળી આવતાં ભારે દોડધામ થઈ હતી. પ્રાથમિક તપાસ દરમિયાન મૃતકનું નામ રોનકસિંહ નીરુભા ઝાલા (ઉંમર વર્ષ ૩૫) અને જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર પાછળ મારૂતિ નગર વિસ્તારમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે.મૃતક યુવાનના શરીરે મોઢાના ભાગે, તેમજ ગરદનના ભાગે ઈજાના અથવા તો લોહીના નિશાનો જોવા મળ્યા છે. જેથી પોલીશ દ્વારા મૃતદેહના કબજો સંભાળી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવી તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.આ મામલે સીટી સી. ડિવિઝનની પોલીસ ટુકડી ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે. જે યુવાનનું મૃત્યુ કયા સંજોગોમાં થયું છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં દરેડ જીઆઈડીસી વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં અદાલતે આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી

જામનગરમાં દરેડ જીઆઈડીસી વિસ્તારમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં અદાલતે આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી છે. પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અમદાવાદ તેમજ અન્ય સ્થળોએ લઈ જઈ વારંવાર દુષ્કૃત્ય આચર્યું હતું. આ કેસમાં ભોગબનનાર સગીરાને કમ્પન્સેશનમાંથી રૂ.૧ લાખ વળતર ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે. જામનગર નજીક દરેડ પાસે ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા એક પરિવારની સાડા સત્તર વર્ષની પુત્રી કારખાનામાં કામ પર જતી હતી તે સગીરાને કારખાનામાં સાથે કામ કરતા રાજસ્થાનના નારાયણ પરસુરામ મારાજ નામના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. ત્યારબાદ આ સગીરાને લગ્નની લાલચ આપી તેણી પર દુષ્કર્મ ગુજાર્યા પછી નારાયણ પોતાના વતનમાં જતો રહ્યો હતો. જ્યાંથી તેણે અમદાવાદ આવી ગઈ તા.૧૯-૨-૨૦૧૯ના સગીરાને અમદાવાદ આવી જવાનું કહી ત્યાંથી પોતાના વતનમાં લઈ ગયો હતો. જ્યાં દુષ્કર્મ ગુજાર્યા પછી મામાના ઘેર ઔરંગાબાદ લઈ ગયો હતો ત્યાં પણ બે સપ્તાહ સુધી સગીરા પર દુષ્કર્મ ગુજાર્યું હતું. પોલીસે તેની માતાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. આ કેસ જામનગરની ખાસ અદાલતમાં ચાલી જતાં પુરાવા અને સરકારી વકીલ ભારતીબેન વાદીની રજૂઆતો ધ્યાને લઈ અદાલતે આરોપી નારાયણ પરસુરામ મારાજને તક્સીરવાન ઠેરવી દસ વર્ષની કેદની સજા ફટકારી છે. ભોગ બનનારને રૂ.૧ લાખ કમ્પેનશેસનમાંથી વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા વીસીપરા વિસ્તારમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો



મોરબી મહાનગરપાલિકા તંત્ર દ્વારા શ્રમદાન ફોર મોરબી કાર્યક્રમ અન્વયે વીસીપરા (સ્લમ વિસ્તાર)માં સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સફાઈ ઝુંબેશ દરમિયાન અંદાજિત ૫ ટન સોલિડ વેસ્ટ, કન્સ્ટ્રક્શન તથા ડિમોલેશન (ઈઉ) વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ ૨ આસામી પાસેથી જાહેર સ્થળો પર ગંદકી કરવા બદલ રૂ. ૧૨૦૦/-નો દંડ વસુલ કરવામાં આવેલ હતો. આ ઉપરાંત શ્રમદાન પુર્વે મોરબી મહાનગરપાલિકા દ્વારા વીસીપરા મેઈન રોડ ખાતેથી બિનઅધિકૃત દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉક્ત કાર્યક્રમમાં મોરબી મ્યુનિસિપલ કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર, મોરબી મહાનગરપાલિકાના સ્ટાફ મિત્રો, રોટરી ક્લબ અને ઈન્ડિયન લાયન્સ ક્લબના સભ્યો, સફાઈ કર્મચારીઓ, સ્થાનિક નાગરિકો તથા વિવિધ સામાજિક- ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતા. તેમ ડેપ્યુટી કમિશ્નર (પ્રોજેકટ), મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરની ભક્તિ શાસ્ત્રીની અમેરીકાની વુમન ક્રિકેટ ટીમમાં પસંદગી

**મુખ્ય સમાચાર,જામનગર**

મુળ જામનગરની વતની અને હાલ અભ્યાસ માટે અમેરીકામાં રહેતી ભકિત શાસ્ત્રીએ અમેરીકાની વુમન ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. ૨૯ વર્ષીય ભક્તિની નાનપણથી આંતરારાષ્ટ્રીય ક્રિકેટ રમવાની મહત્વાકાંક્ષા હતી. જે અભ્યાસના કારણે થોડા સમય ક્રિકેટથી દુર રહેવાના કારણે વર્ષો બાદ તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાની ઈચ્છા પુર્ણ થશે.યુએસએ ક્રિકેટે આર્જેન્ટિનામાં યોજાનારી આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ અમેરિકા ક્વોલિફાયર માટે ટીમની જાહેરાત કરી છે. યુએસએ ક્રિકેટ ૭ થી ૧૮ માર્ચ દરમિયાન આર્જેન્ટિનામાં યોજાનારી આગામી આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ અમેરિકા ક્વોલિફાયર માટે ટીમની જાહેર થઈ છે. આ ટુર્નામેન્ટમાં યુએસએ, કેનેડા, બ્રાઝિલ અને યજમાન આર્જેન્ટિના ૨૦૨૬ ની શરૂઆતમાં આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ગ્લોબલ ક્વોલિફાયર માટે ક્વોલિફાય કરવા માટે સ્પર્ધા કરશે. જેમાં મુળ જામનગરની વતની ભક્તિ શાસ્ત્રી ૨૦૨૪ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના સફળ પ્રદર્શન પછી તેમનો પ્રથમ રાષ્ટ્રીય ટીમ કોલ-અપ મેળવશે.ભક્તિ શાસ્ત્રી ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ જામનગરની પાર્વતી દેવી સ્કૂલમાં કર્યો હતો. ભકિત્ના માતા પ્રીતિબેન અને પિતા ઓમ શાસ્ત્રી બંને શિક્ષક છે. તેમની ઈચ્છા હતી કે ભકતિ પણ તેની મોટી બહેન શિવાની જેમ ઉચ્ચ અભ્યાસ કરીને સારૂ કેરીયર બનાવે. ભકિત માતા-પિતાની ઈચ્છાને સન્માન કરીને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત કર્યુ. પરંતુ તેને શાળામાં નાનપણથી જુડો-કરાટે તેવી તાલિમ મળી હતી. રમત-ગમ્મત ક્ષેત્રે શોખ હોય તેથી ધૌરણ-૧૦ બાદ જામનગરમાં મહેન્દ્રસિંહ ચૌહાણ પાસે ક્રિકેટની તાલીમ આપી મેળવી હતી. અને વેસ્ટ ઝોન સુધી ક્રિકેટમાં પોતાનુ સ્થાન મેળવ્યુ હતુ. બાદ વાલીની શિક્ષણ અંગે વિદેશ મોકલતા ક્રિકેટથી વર્ષો સુધી દુર રહેવુ પડ્યુ હતુ. સ્નાતક બાદ અમેરીકામાં સાયબર સિક્યોરીટી વિષય પર પીએચડીનો અભ્યાસ કરે છે. સાથે જ અભ્યાસ બાદ તક મળતા અમેરીકાની ટીમમાં પોતાનુ સ્થાન મેળવીને દેશ અને ગુજરાતનુ ગૌરવ વધારતા વાલીએ ખુશી વ્યકત કરી હતી.ભક્તિ શાસ્ત્રી ધોરણ બોર્ડમાં ટોપ કર્યુ હતુ. બાદ વિજ્ઞાન અભ્યાસ કરીને પીએચડી સુધીનો અભ્યાસ કર્યો. જેને ગીત ગાવાનો શોખ છે, જુડોમાં બ્રાઉન બેલ્ટ મેળવ્યો હતો. ટેકીંગ જેવી સાહસિક પ્રવૃતિમાં રસ ધરાવે છે. અને ક્રિકેટ પ્રત્યેને અનહદ લગાવ, પ્રેકટીશ, તાલીમના કારણે ઓલરાઉન્ડર મહિલા ક્રિકેટર તરીકે ઓળખ મેળવી છે..



# મોરબીમાં જીલ્લા કક્ષાના પોષણ ઉત્સવની ઉજવણી કરાઈ

## માતા યશોદા એવોર્ડ વિતરણ, પૌષ્ટિક વાનગી સ્પર્ધા, ઈનામ વિતરણ, અભિનય ગીત વગેરે પ્રવૃતિઓ સાથે સમગ્ર કાર્યક્રમ રંગમય બન્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને આઇ.સી.ડી.એસ. શાખા જીલ્લા પંચાયત મોરબી દ્વારા જીલ્લા પંચાયત ભવન મોરબી ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૌષ્ટિક વાનગી સ્પર્ધા, માતા યશોદા એવોર્ડ વિતરણ, ઈનામ વિતરણ, અભિનય ગીત વગેરે પ્રવૃતિઓ સાથે સમગ્ર કાર્યક્રમ રંગમય બન્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ અને જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેધીએ જણાવ્યું હતું કે, ધાત્રી માતાઓ, સગર્ભા માતાઓ, કિશોરીઓને આંગણવાડીમાંથી ટેક હોમ રાશન કીટ આપવામાં આવે છે. તેનું લાભાર્થીઓ નિયમિત સેવન કરે તે જોવાની જવાબદારી આપણી છે. આજના આધુનિક સમયમાં બહારના રંગીન અવનવા સ્વાદવાળા પડીકા ખાવાનું ચલણ ખૂબ જ વધી ગયું છે. ત્યારે બાળકો અને માતાઓમાં યોગ્ય પોષણ સ્તર જળવાય રહે અને તેમનું સ્વાસ્થ્ય સારું બની રહે તે માટે શ્રી ધાન્ય/ મિલેટસની જ વાનગીઓ ઉપર ભાર મૂકવો જરૂરી જણાય છે. આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી જયેશ એસ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, આપણા ગ્રામ્ય વિસ્તારોમાં સગર્ભા માતાઓ દર અઠવાડિયે મંદિર કે કોઈ સંસ્થામાં ભેગા થાય તેવું આયોજન કરવું જોઈએ. જેમાં તેમને મિલેટસમાંથી બનાવેલ સુખડી, શીરો વગેરે આરોગ્યપ્રદ ખોરાક આપવામાં આવે તેવી નવતર પહેલ કરવી જોઈએ. બાળકોએ દેશનું ભવિષ્ય છે. તેમના ઉછેરની જવાબદારી માત્ર માતા પિતાની જ નથી, પરંતુ સમગ્ર સમાજની રહેલી છે. આપની સંસ્કૃતિમાં વ્યકિતગત નહીં પરંતુ સહિયારા વિકાસની વાત કરવામાં આવી છે.

આ ઉપરાંત ૫ તાલુકા દીઠ આંગણવાડી વર્કરો દ્વારા ટેક હોમ રાશન/ ટી.એચ.આર.માંથી અને શ્રી ધાન્ય/ મિલેટસ માંથી મન્ચુરિયન, ચોકોલેટ કેક, રસગુલ્લા, પાણીપુરી, થેપલા, સુખડી, રોટલા, ઢોકળા આમ વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી અને આ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જે પૈકી પ્રથમ, દ્વિતિય અને તૃત્તિય ક્રમાંક મેળવનાર વાનગી સ્પર્ધાના વિજેતા બહેનોને મંચસ્થ મહેમનોના હસ્તે પ્રમાણપત્ર આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ આ સમગ્ર કાર્યક્રમના સંચાલનમાં ભાગ લીધેલ તમામ કર્મચારીઓ, સ્પર્ધાના નિર્ણાયકો અને ભૂલકાઓને પ્રોત્સાહન સ્વરૂપે ભેટ અને પ્રમાણપત્ર અર્પણ કરાયા હતા. તેમજ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડીના બહેનોને ૧ થી ૩ ક્રમાંક અનુસાર માતા યશોદા એવોર્ડ, પ્રમાણપત્ર અને પુરસ્કાર સ્વરૂપે અનુક્રમે રૂ.૪૧,૦૦૦ અને રૂ.૨૧,૦૦૦ રકમના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. અત્રે વિજેતા બનેલા બહેનો રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આગળ જશે. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર મયુરીબેન ઉપાધ્યાય દ્વારા કરાયું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ વાંકાનેરના સી.ડી.પી.ઓ. ડો. વૈશાલીબેને કરી હતી. તેમજ આંગણવાડીના ભૂલકાં અને બહેનો દ્વારા અભિનય નૃત્ય અને અભિનય ગીતની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.



# એક્ષપોર્ટ અને પાસપોર્ટ વધુ મજબુત બનશેઃ મનસુખ માંડવીયા

## રાજકોટમાં બજેટનું મહત્વ વર્ણવતા કેન્દ્રીય મંત્રી : મોંઘવારી ઘટાડનારૂ બજેટઃ અનઅધિકૃત નાગરિકોને દુર કરવાનો જે તે દેશનો અધિકારઃ ૨૦૩૬માં ઓલોમ્પિક ભારતમાં થાય તેવા પ્રયાસો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતને ૨૦૪૭માં વિકસીત રાષ્ટ્રની હરોળમાં સ્થાન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા યજ્ઞમાં આ વર્ષે રજુ થતુ કેન્દ્રીય બજેટ એ એક વર્ષનો રોડમેપ અને લાંબાગાળાના વિઝનનું પ્રતિબિંબ પાડે છે.

આજે કેન્દ્રીય શ્રમ-રોજગાર તથા ખેલકુદ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ રાજકોટમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધતા અર્થતંત્રમાં ભારતનું સ્થાન પ્રથમ ક્રમે છે.

અમેરિકા, યુરોપ સહિતના દેશોના અર્થતંત્રની વિકાસ ગતિ ધીમી પડી છે પણ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના આંતરિક ક્ષમતાઓને મજબૂત બનાવીને વિકાસની ગતિ જાળવી રાખી છે અને બજેટ તેમાં વધુ ઈંધણ પુરુ પાડશે.

માંડવીયાએ વિવિધ બજેટ જોગવાઈઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ૨૦૪૭માં ભારતને વિકસીત બનાવવા ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમ્યુનીકેશન, એન્જીનીયરીંગ, ટેકનોલોજી, શિક્ષણ, રીસર્ચને મહત્વ આપવામાં આવી રહ્યું છે. દેશમાં પ્રથમ વખત બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પર રૂા.૧૧.૫૦ લાખ કરોડની જોગવાઈ હવે ૨૦૪૭ સુધીમાં દર વર્ષે અંદાજીત રૂા.૧૫ લાખ કરોડની ફાળવણીએ આ ધ્યેયને હાંસલ કરવા માટે છે.

માંડવીયાએ જણાવ્યું કે, મેઈક-ઈન-ઈન્ડીયા અને આત્મનિર્ભર ભારત એ આયોજન આજે ભારતમાં ઉત્પાદનને વેગ આપી રહ્યા છે જે રોજગારીનું પણ સર્જન કરે છે અને આ રીતે દેશના એકસપોર્ટ અને પાસપોર્ટને મજબૂત બનાવીને ભારત વિકસીત રાષ્ટ્ર બનશે. તેઓએ કહ્યું કે રૂ.૫૦ લાખ કરોડના બજેટનો એક એક રૂપિયા તેમાં મહત્વની ભૂમિકા ભજવશે.

તેઓએ કહ્યું કે, દેશમાં પ્રોડકશન લીંક-ઈન્સેટીવ ઉત્પાદનમાં પ્રોત્સાહનની સાથે એમ્પ્લોયમેન્ટ લીંક ઈન્સેન્ટીવ યોજનાથી રોજગારીને વેગ મળશે. સ્ટાર્ટઅપ, જેમાં ભારત પ્રથમ ક્રમે છે તો દેશની ૫૦૦ ટોચની કંપનીઓમાં જે રીતે ૧ કરોડ યુવાઓને ૧ વર્ષ માટે ટ્રેની તરીકે જોડયા એ માસ્ટર સ્ટ્રોક બનશે.

આ યુવા વર્ગ ૧ વર્ષ બાદ નાના ઉદ્યોગોમાં જોડાઈને તેના નિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે અને તે માઈન્ડ સેટ મહત્વનું બનશે. તેઓએ બજેટમાં જે રીતે રૂા.૧૨ લાખ સુધીની આવકવેરા મુક્તિ અપાઈ તેને પણ આવકારતા જણાવ્યુ કે લોકો વધુ ખર્ચ કરીને અર્થતંત્રને ઈંધણ પુરુ પાડશે. માંગ વધશે અને તે ઉત્પાદન વધારશે અને તેનાથી રોજગારી વધશે.

તેઓએ એક ક્ષેત્રની પાણીની યોજના માટેના રૂ.૧૫૦૦૦ કરોડના બજેટ તે વડાઓના માલધારીઓના સંતાનોને શિક્ષણ તથા અન્યત્ર વસવાટ માટેની યોજના વિ.નો ઉલ્લેખ કર્યો હતો અને ગુજરાત સરકારના બજેટની પણ રાજયના વિકાસમાં મહત્વપૂર્ણ ગણાવ્યુ હતું. તેમની આ પત્રકાર પરિષદમાં સાંસદ પરસોતમ રૂપાલા, મનસુખ માંડવીયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશ દોશી, પ્રવકતા રાજુ ધ્રુવ, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, પુર્વ શહેર પ્રમુખ કમલેશ મિરાણી વર્તમાન મહામંત્રી માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા તથા ટ્રેઝરર મયુર શાહ વિ. જોડાયા હતા.

## ઉનામાં ટ્રિહાઉસ પ્રીસ્કૂલનો વાર્ષિકોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયો

**મુખ્ય સમાચાર, ઉના અબ્દુલ પઠાણ**

ઉના શહેરમાં આવેલ શહેરમા આવેલ ટ્રિહાઉસ પ્રીસ્કૂલનો વાર્ષિકોત્સવ મી ફેબ્રુઆરીના રોજ શીતલ રિસોર્ટ ખાતે ભવ્ય રીતે ઉજવાયો જેમાં નાના બાળકોએ પોતાનું કલા પ્રદર્શન કર્યો તેમાં મોટી સંખ્યામાં મેમાનોની ઉપસ્થિતિ જોવા મળી કાર્યક્રમમાં અબ્બાસઅલી સુમરાણી, ચંદુભાઈ કોઠેચા, ભવ્યભાઈ પોપટ, કમલેશ જૂમાણી અબ્દુલભાઈ પત્રકાર અને અન્ય અગ્રણીઓ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા.આ વાર્ષિકોત્સવની ખાસિયત એ રહી કે તેમાં પરંપરાગત નૃત્યો ઉપરાંત વિવિધ અનોખા કાર્યક્રમો પણ યોજાયા. બાળકો માટે શબ્દભંડોળ રમતો , તેમજ શબ્દો ભંડોળ ક્વિઝ, વાર્તા કહેવી, ભાષણ, પાઠગાન, કાવ્યપાઠ અને બાલકો દ્વારા પોતાનું પરિચય આપવાનો કાર્યક્રમ ખૂબ જ આકર્ષક બન્યો. નાનકડા બાળકોએ આટલી નિષ્ણાતતા અને આત્મવિશ્વાસ સાથે પ્રસ્તુતિ આપી કે ઉપસ્થિત દર્શકો આશ્ચર્યચકિત રહી ગયા.બાળકો સાથે-સાથે માતાપિતાએ પણ ફેશન શોમાં ઉત્સાહભેર ભાગ લીધો અને પોતાની પ્રતિભા રજૂ કરી. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને આનંદભેર પસાર થયો.આ ભવ્ય આયોજનનું સફળ સંચાલન કરી અબાસ ભાઈ સુમરાણી અને તેમની પ્રભાવી ટીમ દ્વારા કરવામાં આવ્યું. આયોજન અને વ્યવસ્થાપનને લીધે સમગ્ર કાર્યક્રમ એક યાદગાર ક્ષણ બની રહ્યો. હતો ઉપસ્થિત મહેમાનો, માતાપિતા અને બાળકો સહીત દરેક જણ આ કાર્યક્રમથી ખુબજ પ્રભાવિત થયા અને આ ઉત્સવને એક અતિશય સફળ અને યાદગાર બનાવ્યો. કરીશ્મા સુમરાણી દ્વારા આ કાર્યક્રમ દ્વારા સૌને આપવો માંગતો સંદેશ એ




હતોઃ નમ્રશીખતા રહો, નવા નવા અપડેટ્સ કરતા રહો, આગળ વધતા રહો અને તમારા સપનાઓને જોતા રહો તો અનેક સંદેશ આપ્યા હતા અને આ કાર્યક્રમમાં તે પૂર્ણ કરવામાં આવ્યો હતો

## જય વેલનાથ યુવા મંચ દ્વારા કાલે સમુહલગ્નોત્સવ યોજાશેઃ ૨૬ દિકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જય વેલનાથ યુવા મંચ ગુજરાત દ્વારા અધ્યક્ષ દેવભાઈ કોરડીયા નેતૃત્વ હેઠળ શહેરના આંગણે અઢારેવરણને સાથે રાખીને સર્વે જ્ઞાતિ સમુહલગ્નોત્સવનું જાજરમાન ઠાઠ-માઠ સાથે આગામી તા.૨ માર્ચને રવિવારના રોજ સાંજે ૪:૩૦ થી રાત્રે ૧૦ કલાક સુધી કુવાડવા રોડ, ગ્રીનલેન્ડ ચોકડી, રીયલ મેળાના ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્યાતિભવ્ય આયોજનમાં ધાર્મિક, અનેક રાજકીય મહાનુભાવો, સામાજીક શ્રેષ્ઠીઓ તેમજ પોલિસમિત્રો, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, ડોક્ટરો, ઉચ્ચકક્ષાના સરકારી અધિકારીઓ, વકિલો, શિક્ષકો, વિવિધક્ષેત્રના તમામ સમાજની સંસ્થાના હોદેદારો હાજર રહેશે. જય વેલનાથ યુવા મંચ અને સર્વેજ્ઞાતિ સમુહલગ્નોત્સવ સમિતિના તમામ કાર્યકરોની મહેનતથી તેમજ દાતાશ્રીઓના સાથ સહકારથી આ સમુહ લગ્નમાં દિકરીઓને કરિયાવરમાં સ્માર્ટ ટી.વી., સોનાની બુટી, ચાંદીની ગાય, ચાંદીનો તુલસીનો ક્યારો, સેટી, કબાટ કુલ ૧૧૧ અમુલ્ય અને કિંમતી ઘર વપરાશની તમામ ચીજવસ્તુઓ આપવામાં આવશે. આ સમુહ લગ્નમાં લગ્ન મંડપ અલગ અને અનોખા શાહી મંડપમાં દિકરીઓના લગ્ન કરવામાં આવશે. આ લગ્નમાં શરણાઈ, ઢોલ, છત્રીઓ તેમજ મધુર લગ્નગીત રાખેલ છે. નાત-જાતના ભેદભાવ વગર સર્વે સમાજની ૨૬ લાડલી દિકરીઓ લગ્ન સંસ્કારથી જોડાશે. જે દિકરીઓના પિતા ન હોય તેવી દિકરીઓના પાંચ વર્ષ સુધી મામેરા પણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જય વેલનાથ યુવા મંચ દ્વારા આપવામાં આવશે.

દવેભાઈ કોટડીયા, વિપુલભાઈ બસીયા, અક્ષરભાઈ ડાભી, સુભાષભાઈ અઘોલા, દિપકભાઈ માનસુરીયા, દેવાંગભાઈ કુકાવા, સંજયભાઈ વડેચા, સચિનભાઈ ચૌહાણ, મનીષભાઈ રાઠોડ, કેતનભાઈ ધોળકિયા, સાગરભાઈ સુરેલા, ધવલભાઈ સુરેલા, મેહુલભાઈ કોલાદરા, સંદીપભાઈ બાવરીયા, જીજ્ઞેશભાઈ રાખડીયા, રવિભાઈ ભંડેરી, નવીનભાઈ ઉકેડીયા, દેવશીભાઈ બાબુતર, લાલજીભાઈ કિશાલા અને જેન્તીભાઈ કુમરખાણિયા આવ્યા હતા.

## જિલ્લામાં ગામ દીઠ એક તળાવ બનાવવા માટે સરકાર સમક્ષ રૂ ૧૫૦ કરોડની ગ્રાન્ટની માંગણી કરતો ઠરાવ સામાન્ય સભામાં રજૂ કરાશેઃ ભુપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી ભુપતભાઈ બોદરે એક અખબારી યાદી માં જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રાજ્ય સરકાર ત્રિસ્તરીય પંચાયતરાજ વ્યવસ્થા દ્વારા ગ્રામ્ય વિસ્તારોએ અનેક વિકાસલક્ષી સીમાચિહ્નો અંકિત કર્યા છે.આપણા દેશ નો આત્મા ગામડાઓ છે ત્યારે છેવાડાના ગામડાઓ સુધી રાજકીય સત્તાનું વિકેન્દ્રીકરણ થાય અને તેમને સુશાસનનો અનુભવ થાય તે માટે ભાજપ સરકાર સતત કાર્યરત છે,ત્યારે ગામડાઓ પોતાના સ્તર પર પોતાની મૂળભૂત

જરૂરિયાતો માટે આત્મનિર્ભર બને અને આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થાય એ માટે ભાજપ સરકાર પ્રયત્નશીલ છે ત્યારે દેશ ની અવિરત વિકાસ યાત્રામાં રાજકોટ જિલ્લા પંચાયત સહભાગી બને અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રાજકોટ જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી ભુપતભાઈ બોદર દ્વારા આજ રોજ રાજકોટ જિલ્લા પંચાયત ના નવનિયુક્ત ડીડીઓ શ્રી અનંદુ સુરેશ ગોવિંદ સાથે શુભેચ્છા મુલાકાત કરી આગામી સામાન્ય સભા માં ધ્યાને લેવા જેવી ગ્રામ્ય જનતા ને લગત મહત્ત્વ ની બાબતો અંગે યોગ્ય કરવા રજૂઆત કરી.

ભૂપતભાઈ બોદરે પોતાના પ્રમુખ તરીકે ના કાર્યકાળ દરમ્યાન મારું ગામ પાણી વાળું ગામયોજના અમલમાં મૂકેલી જે અંતર્ગત રાજકોટ જિલ્લા નું દરેક ગામ પાણી ની બાબત માં આત્મનિર્ભર બને તે માટે પ્રયાસો કરેલ જે અંતર્ગત આજરોજ રાજકોટ જિલ્લામા અંદાજે ૬૦૦ જેવા ગામોને ઘણાખરા અંશે ઉનાળા દરમિયાન પીવાના પાણી તથા ખેતી માટે સિંચાઈના પાણી ની અછત રહે છે.આ તમામ ગામોમા ગામ દીઠ એક તળાવ બનાવવા માટે અને હાલ સૌની યોજનાઓ ની વિવિધ લીંકો દ્વારા આ નવનિર્મિત તળાવો ને ભરવા ની પણ મોટાભાગ ના વિસ્તારો માં વ્યવસ્થા પણ છે ત્યારે એક તળાવ માટે રકમ રુ.૨૫ લાખ લેખે સરકારશ્રીમા અંદાજે કુલ રકમ રુ. ૧૫૦ કરોડ જેટલી ગ્રાન્ટની માંગણી કરતો ઠરાવ સામાન્ય સભામા કરવા તેમજ આ તમામ જિલ્લા ના ગ્રામ્ય વિસ્તારોમાં કોઈક જગ્યાએ ગૌચર કે કોઈક જગ્યાએ સરકારી ખરાબા ની અથવા ગામતળ પર નાના મોટા દબાણો થયેલ હોય છે જેના લીધે ઘણી વાર સ્થાનીક લેવલે પ્રશ્નો ઉપસ્થિત થાય છે જેને પરિણામે ગ્રામ્ય વિસ્તારમા લોકો વચ્ચે નાના મોટુ ઘર્ષણ થાય છે.જેથી તમામ ગ્રામ પંચાયતમા સરપંચ અને તલાટી કમ મંત્રી દ્વારા આનો નિષ્પક્ષ સર્વે કરી માહીતી આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામા કરવા અંગે રજુઆત કરી અત્રે નોંધનીય છે કે ભુપતભાઈ બોદરે પોતાના કાર્યકાળ દરમ્યાન જે ગ્રામપંચાયત ના સરપંચ અને તલાટી દ્વારા ખરાબા અને ગામતળ ની માપણી કરી આપવા માંગણી કરવામાં આવે તો ડીએલઆર કચેરી તરફથી ફ્રી માં માપણી કરી આપવા માટે કલેકટર સમક્ષ રજૂઆત કરી અને આ અંગે મંજુરી પણ મેળવેલ હતી.વધુમાં રજૂઆત કરતા જણાવેલ કે હવેના સમયમા ઉનાળા ની શરુઆત થઈ ગયેલ હોય ગ્રામ્ય વિસ્તાર ના પશુ અને પક્ષિઓ માટે દરેક ગ્રામ પંચાયત પીવાના



પાણીની યોગ્ય વ્યસ્થા કરે તે માટે દરેક ગ્રામ પંચાયત ને સુચના આપવાનો ઠરાવ આગામી સામાન્ય સભામા કરવા માટે તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના નવા ભવનનુ નિર્માણ કામ હાલ શરુ હોય આ વિસ્તાર ડો.યાજ્ઞિક રોડ જેવા પોશ અને કોમર્શિયલ વિસ્તાર માં હોય આ રોડ પર જિલ્લા પંચાયત હસ્તક દુકાનો બનાવવા માટે આયોજન અને જોગવાઈ કરવી જેથી આ ભાડાની સ્વભંડોળ માં આવક થાય જિલ્લા પંચાયત માટે માટે કાયમી આવકનો સ્ત્રોત બની શકે અને આ સ્વભંડોળ ની આવક થકી રાજકોટ જિલ્લાના વિવિધ વિકાસના કામો વધુ ઝડપથી હાથ ધરી શકાય.

## સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ૧૩ લોકોને પોલીસે રકમ પરત અપાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સામા કાંઠે બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાઈબર ક્રાઈમ નો ભોગ બનેલા ૧૩ લોકોને બી ડિવિઝન પોલીસે રકમ પરત અપાવી છે જેમાં પીઆઈ એસએસ રાને તથા પીએસઆઇ એ બી ચૌધરી તથા મહિલા કોન્સ્ટેબલ પૂજાબેન તથા સંગીતાબેન તથા કાજલબેન દ્વારા સાઈબર ક્રાઈમ નો ભોગ બનેલા અરજદાર વિજયભાઈ રઘાભાઈ ને ૫૧,૦૦૦ દેવાંગભાઈ પટેલને ₹૫૦,૦૦૦ દ્રવિડ અરવિંદભાઈ ને ૩૬૦૦૦ અમિત કાંતિભાઈ ને ૩૦,૦૦૦ રાજેન્દ્ર ઠક્કરને ૨૨૦૦૦ પાર્થ મિતેશભાઈ ને ૨૦,૦૦૦ ભાવેશભાઈ ને ₹૧૫,૦૦૦ સતીશકુમાર ગોસરાને ૧૫૦૦૦ રેનિસ કાંતિલાલ ને ૯,૫૦૦ શૈલેષ અમૃતલાલ ને ૫



૦૦૦ વિશાલ રસિકભાઈને ૫૫૦૦ નરેશ પુરોહિત ને ૨૮૦૦૦ તથા હિતેશ ભરતકુમાર ને ૩ ૦૦૦ સહિત કુલ ૧૩ અરજદારો ને સાઈબર ક્રાઈમ નો ભોગ બન્યા હોય જેને રકમ પોલીસે પરત અપાવી હતી

## રાજકોટ-જેતપુર વચ્ચેનું એક ટોલનાકુ બંધ કરવા માંગઃ આંદોલનના મંડાણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૬૦ કિ.મી.અંતરમાં રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર ભરુડી અને પીઠડીયા ટોલનાકા વરસોથી ધમધમી રહ્યા છે. અને તગડો ટોલટેક્સ ઉઘરાવાઈ રહ્યો છે.અનેક રજુઆતો છતા તંત્ર ચુપ બેઠુછે.ત્યારે ગોંડલ નાં એડવોકેટ ધ્રુવકુમાર કાછડીયાએ જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી બે પૈકી એક ટોલનાકુ બંધ કરવા અને હાલ સિક્સ લેન નું કામ ચાલુ હોય વાહનો પાસેથી ઉઘરાવાતો ટોલટેક્સ સ્થગિત કરવા ની માંગ સાથે ઉમવાડા ચોકડી ગોકુલ વાટીકા નાં ગેઈટ પર એકલવીર બની છાવણી નાખી ઉપવાસ આંદોલન શરુ કર્યું છે. ધ્રુવકુમાર કાછડીયાએ જણાવ્યુ કે હાઈવે પર ૬૦ કિલોમીટર નાં અંતર નાં બે ટોલનાકા હોવા તે ગેરકાયદેસર છે. ત્યારે ભરૂડી તથા પીઠડીયા ટોલનાકા ૬૦ કિ.મી.અંદર આવતા હોવા છતા વાહનચાલકો પાસે તગડો ટોલટેક્સ ઉઘરાવાઈ રહ્યોછે. વરસોથી વાહનચાલકો લુંટાઈ રહ્યા છે. આ અંગે અનેકવાર રજૂઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. અને બન્ને ટોલનાકા ગેરકાયદેસર ધમધમી રહ્યા છે. વધુમાં હાલ નેશનલ હાઈવે પર સિક્સલેન નું કામ ચાલી રહ્યુછે.જેને કારણે ટ્રાફિક જામ સહિત અનેક અગવડતાઓ વાહન ચાલકો ભોગવી રહ્યા છે. તો કામ પુરુ ના થાય ત્યાં સુધી ટોલ માફ કરવા જણાવાયું છે. ઉલ્લેખનીય કે ભરુડી ટોલ નાકા પર લોકલ પાસનાં રુ.૨૫ લેવામાં આવી રહ્યાછે.ગોંડલ નાં વિવિધ વિસ્તારોનાં અલગ અલગ ભાવ નક્કી કરાયાછે.કોઈ વિસ્તાર નાં ૧૦ તો કોઈ વિસ્તાર નાં ૨૫ રુ. લેવાયછે.ભરુડી ટોલનાકાથી ગોંડલ ૧૫ કિલોમીટર દુર હોવા છતાં મનઘડત ટોલટેક્સ ઉઘરાવાઈ રહ્યો હોય ગોંડલ ની પ્રજા માં કચવાટ ફેલાઈ રહ્યો છે.આખરે આ મુદ્દે ઉપવાસ આંદોલન શરુ થયુ છે.

## રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર બંધુને બેન્ક લોન વ્યાજ સાથે ભરપાઈ કરવા કોર્ટનો હુકમ

### ખર્ચના ૯ લાખ ત્રણ માસના ભરપાઈ ન કરે તો એક વર્ષની જેલ અને ૧૦ હજાર દંડ ન ચુકવે તો વધુ ત્રણ માસની કેદનો હુકમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો સમીર મધુકાંતભાઈ શાહ તથા શ્યામ મધુકાંતભાઈ શાહને તેમની ભાગીદારી પેઢીના વિકાસ માટે નાણાકીય સવલતોની જરૂરિયાત હોય કોનસોટિયમ ફાઈનાન્સ અંડરલીડ બેંક યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની સભ્ય બેંક ઓફ ઈન્ડીયા, પરાબજાર શાખામાંથી સી.સી. વ્યવહાર હેઠળ લોન મળવા વિનંતી કરતાં રાજમોતી ઈન્ડસ્ટ્રીઝની રૂમ.૨૧.૨૫ કરોડની સી.સી. મંજૂર કરવામાં આવી હતી. દરમિયાન રાજમોતી ઈન્ડસ્ટ્રીઝનું લોન ખાતું એન.પી.એ. થતાં બેંક ઓફ ઈન્ડિયાએ શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો પાસે બેંકની લેણી રકમ તેમજ ઓવર ડ્યુ રકમની માંગણી કરતાં સમીર મધુકાંતભાઈ શાહ અને શ્યામ મધુકાંતભાઈ શાહે બેંક ઓફ ઈન્ડિયાને રૂા. ૮૦ લાખનો ચેક આપેલ. જે ચેક બેંક ઓફ ઈન્ડિયાએ શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના લોન ખાતામાં રજૂ કરતાં વગર વસુલાતે પરત ફરતાં બેંક ઓફ ઈન્ડિયાએ રાજકોટ ચીફ જયુ. મેજિ.ની કોર્ટમાં એન.આઈ. એકટની કલમ-૧૩૮ હેઠળ શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી તેમજ તેમના ભાગીદારો સામે કેસ દાખલ કર્યો હતો. જે કેસ ચાલવા ઉપર આવતા ફરિયાદી બેંક વતી રજુ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ બેંકના વકીલની દલીલો ધ્યાને લઈ રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો સમીર મધુકાંતભાઈ શાહ તથા શ્યામ મધુકાંતભાઈ શાહને એન.આઈ. એકટની કલમ-૧૩૮ના ગુન્હા હેઠળ



તકસીરવાર ઠરાવી બંનેને ચેકની રકમના તેમણે નિર્ધારીત કરેલ ૧૪.૮૦ ટકા પ્રમાણે રકમ ભરપાઈ કરવા એટલે કે ફરીયાદ થયાથી રકમ ભરાયાના કુલ-૬ માસનું વ્યાજ આશરે રૂ. ૬ લાખ તથા ખર્ચ પેટે રૂા. ૩ લાખ મળી કુલ રૂા. ૯ લાખ પુરા હુકમની તારીખથી દિવસ-૬૦માં કમ્પાઉન્ડિંગ ચાર્જના વળતર પેટે ફરિયાદી સંસ્થાને ચુકવી આપવાનો તેમજ રૂા. ૨ લાખ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ ખાતે જમા કરાવવાનો હુકમ કર્યો છે તેમજ વધુમાં ૬૦ દિવસમાં કમ્પાઉન્ડીંગ સહિતની રકમ ચુકવે નહી તો આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૧૦ હજારનો દંડ નો હુકમ કરેલ છે અને દંડ ન ચુકવવા બદલ વધુ ત્રણ મહિનાની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. પહેલા બેન્ક ઓફ ઈન્ડિયા ના રૂપિયા ૬૫ લાખનો ચેક રિટર્ન ના કેસમાં આ બંને ભાઈઓને દોઢ-દોઢ વર્ષની સજા અને વળતરનો હુકમ થયો હતો.આ કેસમાં બેંક વતી વકીલ તરીકે તરુણ એસ. કોઠારી, રાજ ટી. કોઠારી તેમજ અજય જે. વસોયા રોકાયા હતાં.

## એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એકટીવા ચોરી કરનાર શખ્સ ઝડપાયો




ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમ આર ગોંડલીયા અને પીઆઈ એમ.એલ ડામોર ની સૂચનાથી એએસઆઈ સીએમ ચાવડા સહિતનો સ્ટાફ દેવપરા થી જંગલેશ્વર તરફ જતા કોઠારીયા રોડ પર આવેલ કાવેરી એપાર્ટમેન્ટની બાજુમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એક સક્સ એકટીવા લઈ નીકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પૂછતા પોતે આથી ખાનામાં શેરી નંબર બારમાં ભાડાના મકાનમાં રહેતો હોવાનું એને પોતાનું નામ કૌશલ સંજય ડાભી હોવાનું જણાવ્યું હતું ફભશિંદ્ફ ના કાગળો અંગે પૂછપરછ કરતા યોગ્ય જવાબ નહીં આપતા પોલીસે એપ્લિકેશનની મદદથી તપાસ કરતા આ એકટીવા એડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયું હોવાનું જાણવા મળતા પોલીસે કૌશલ ડાભી ની ધરપકડ કરી એકટીવા કબજે કર્યું હતું

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# લોહાણાપરામાં ગ્રાહકના સ્વાંગમાં દુકાનમાંથી ૮૫ હજારની તફડંચી કરનાર બે મહિલાઓ ઝડપાઈ

## વંથલીની બે મહિલાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધી; દોઢ મહિના બાદ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લોહાણાપરામાં આવેલ દરીયાલાલ સ્ટીલ નામની દુકાનમાં માલીકની નજર ચૂકવી રૂ. ૮૫ હજાર રોકડ સહિતના ડોક્યુમેન્ટ ભરેલ થેલાની ચોરી કરનાર બે બે તસ્કરણને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી પાડી મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



વધુ વિગતો મુજબ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કૈલાસ ધારા પાર્ક શેરી નં.૨ માં રહેતાં કેતનભાઈ ચંદ્રકાંતભાઈ રાયઠઠા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પંદર વર્ષથી લોહાણાપરા કંસારાવાડીની સામે દરીયાલાલ સ્ટીલ નામની દુકાન આવેલ છે, ત્યાં તેઓ વાસણ વેંચવાનો વેપાર કરે છે. ગઈ તા.૧૩/૦૧/૨૦૨૫ ના રાત્રીના નવ વાગ્યાની આસપાસ તેઓ લઘુશંકા કરવા ગયેલ અને તેઓની દુકાને તેમનો દીકરો ઘુમીલ એકલો હાજર હતો. ત્યારે કોઈ અજાણી મહીલાઓ દુકાનમા વાસણ ખરીદવા આવેલી હતી. તેમને વાસણ લેવા હોય તેમ કહેતાં તેમને ફરિયાદીના પુત્રએ અજાણી મહિલાઓને અલગ અલગ વાસણો બતાવેલ અને વાસણ જોઈને આ મહીલાઓ જતી રહેલ હતી. બાદમાં ફરિયાદી દુકાને પરત આવેલ અને પિતા-પુત્ર દૂકાન બંધ કરી ચાલ્યા ગયેલ હતાં. ત્યાર બાદ ૧૪/૦૧ ના મકરસંક્રાતની રજા હોવાથી દુકાન બંધ રાખેલ હતી. તા. ૧૫ ના સવારના દસ વાગ્યાની આસપાસ દુકાને આવેલ ત્યારે મારે ખરીદેલા માલનું પેમેન્ટ કરવાનુ હોય જેથી દુકાનના ટેબલ પર રાખેલ એક કાપડની થેલીમાં આશરે રોકડ રૂ.૮૫ હજાર તથા સીટીજન બેંકની ચેકબુક, સ્લીપ બુક રાખેલ હતા. તે જોવા મળેલ નહીં, ત્યારે દુકાનમાં રાખેલ સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા જાણ થઈ કે, તા.૧૩/૦૧/૨૦૨૫ ના રાત્રીના ૧૧ વાગ્યે કોઈ અજાણી મહીલાઓ મ દુકાનમા વાસણ ખરીદવા આવેલી હતી તે નજર ચુકવી ટેબલ પર રાખેલ થેલી તથા તેમાં રહેલ રોકડ રુપિયા તથા સીટીજન બેંકની ચેકબુક, સ્લીપ બુક ચોરી કરતી નજરે જોવામાં આવેલ હતી. જે બાદ ફરીયાદ નોંધાવી હતી.

આ ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, પીઆઈ એમ.એલ.ડામોરની રાહબરીમાં પીએસઆઈ મુકેશ મોવલિયા અને ટીમના એએસઆઈ અશોકભાઈ કલાલ, તુલશીભાઈ ચુડાસમા સહિતે તપાસ હાથ ધરતાં વાસણની દુકાનમાંથી ચોરીને અંજામ-આપનાર રસીલા ઉમેશ સોલંકી અને સોનલ રાજેશ વાઘેલા (રહે. બંને વંથલી બસ સ્ટેન્ડની સામે, ઝુંપડામાં)ને સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી દબોચી લઈ રૂ. ૨૧૫૦૦ની રોકડ કબ્જે કરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી બંને મહિલાઓએ લોહાણાપરામાં આવેલ દુકાનમાંથી ચોરી કરી તાલાલામાં ચોરીને અંજામ આપ્યો હોવાનું ખુલ્યું હતું.

# લીંબડીના રળોલ ગામે આગ લાગતા મહિલા-બાળક સહિત ૪ના મોત



સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના રળોલ ગામ ખાતે આગ લાગવાની ઘટના સર્જાઈ છે. આગ વિકરાળ બનતા ત્રણ ઘરોમાં લાગી હતી. સમગ્ર ઘટનામાં મહિલા, બાળક સહિત કુલ ચાર લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાંની સાથે લીં બડી, વઢવાણ અને સુરેન્દ્રનગરના ફાયર ફાઈટર્સ સહિત પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના રળોલ ગામ ખાથે આગ લાગવાની ઘટના સર્જાઈ છે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ ડીઝલ ભરેલ પિકઅપ કારમાં લાગી આગ હતી. આ પછી આગ વિકરાળ બનતા બાજુના મકાનોમાં આગ પ્રસરી હતી. આ ઘટનામાં ઘરની બહાર પાર્ક કરેલી કાર પણ બળીને ખાખ થઈ ગઈ હતી. આગ વધુ વિકરાળ બનતાની સાથે ગ્રામજનોએ ફાયર વિભાગ અને પોલીસને જાણ કરી હતી. આ પછી લીંબડી, વઢવાણ અને સુરેન્દ્રનગરના ફાયર ફાઈટર્સ સહિત પોલીસ ઘટના સ્થળે આવી પહોંચીને બચાવની કામગીરી હાથ ધરવામાં આવી. સમગ્ર ઘટનાને લઈને ગામમાં ભયનો માહોલ છવાયો છે. આ બનાવમાં એક બાળક, મહિલા સહિત ચાર લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યુ છે. જ્યારે આગમાં ફસાયેલા અન્ય લોકોની બચાવ કામગીરી ચાલી રહી છે.

# અમરેલીમાં શિક્ષકે દારૂ પીવડાવી બે વિદ્યાર્થિની સાથે દૂષ્કર્મ આચર્યુ

■ ભારતનગર પ્રાથમિક શાળાના લંપટ શિક્ષકને પોલીસે ઝડપી લીધો



**મુખ્ય સમાચાર,રાજુલા**

અમરેલીમાં આવેલ ભારતનગરની પ્રાથમિક શાળાના નરાધમ શિક્ષક મહેન્દ્ર કાવઠીયા દ્વારા ધોરણ-૪ માં અભ્યાસ કરતી નવ વર્ષની બે વિદ્યાર્થીની સાથે દાનત બગાડી હતી. અને વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચરતો હતો. આ બાબતની વિદ્યાર્થીઓએ તેમના વાલીને જાણ કરતા બન્ને વિદ્યાર્થીઓના વાલીઓ બપોરના સમયે શાળાએ જઈ અને જાતે તપાસ કરી તો આ શિક્ષકની હલકી કરતુતો સામે આવી હતી. છેલ્લા આઠ દિવસથી નરાધમ શિક્ષક મહેન્દ્ર કાવઠીયા અવારનવાર પોતાની ઓફિસમાં બોલાવી ઉધરસની દવાના બહાને દારૂ પીવડાવી બે વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચરતો હતો. આવા હલકી કક્ષાની માનસિક વિકૃતિ ધરાવતા શિક્ષક સામે વિદ્યાર્થીના વાલીઓએ પોલીસને જાણ કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નરાધમ શિક્ષક વિરૂધ્ધ દુષ્કર્મ પોક્સો એક્ટ ગુન્હો નોંધાયો છે. જે બાદ પોલીસે આ લંપટ શિક્ષક મહેન્દ્ર કાવઠીયાને ઝડપી લીધો હતો.પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેમણે પોતે કરેલા કાળા કરતુતની કબુલાત પણ આપી હતી. અમરેલી જીલ્લામાં શિક્ષણ જગતને લાંછન લગાવતો કિસ્સો સામે આવતા ચકચાર મચી જવા પામી છે.આ નરાધમ શિક્ષકની હલકી કક્ષાની કરતૂત સામે આવતા લંપટ શિક્ષક સામે રોષ વ્યાપી જવા પામ્યો છે. હાલ તો પોલીસે નરાધમ શિક્ષકને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે પિડિત પરીવારેઆ નરાધમ શિક્ષકને ફાંસી અથવા આજીવન કેદની સજા થાય તેવી ન્યાયની માંગણી કરી છે.

# પીપળીયા ગામે ચોકીદારનું ૭ શખ્સોએ કારમાં કર્યુ અપહરણઃ પોલીસે પીછો કરતા મુક્ત કર્યો

## રો-હાઉસમાં સાફસફાઈ દરમિયાન ઘર પાછળના છોડ કાઢવા બાબતે મોડી રાત્રે છરી-ધારિયા સાથે ધમાલ કરી સીસીટીવી તોડી નાખ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમા કુવાડવાનાં પીપળીયા ગામેથી પ્રિન્સ રેસીડન્સીમા રહેતા ચોકીદાર આધેડને ત્યા જ રહેતા શખ્સે તેમના સાતેક સાગ્રીતોને બોલાવી છરી, ધારીયા વડે મોડી રાત્રે માથાકુટ કરી હતી અને સીસીટીવીમા તોડફોડ કરી નુકસાન કર્યું હતુ. બાદમાં આરોપીઓએ ચોકીદારને તેની જ કારમા અપહરણ કરી કુવાડવા તરફ લઈ જતા હતા આ સમયે બિલ્ડરે ૧૦૦ નંબર પર કોલ કરતા ક્રાઈમ બ્રાંચ અને સ્થાનીક પોલીસે આરોપીઓનો પીછો કરતા રસ્તામા આરોપીઓ ચોકીદારને મુકી ફરાર થઈ ગયા હતા આ ઘટનામા પોલીસે અપહરણ, નુકસાન અને રાયોટ સહીતની કલમ હેઠળ ગુનો નોંધી તજવીજ શરુ કરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ન્યુ જાગનાથ પ્લોટ શેરી નં ૪૧ મા રહેતા મનીષભાઈ હરસુખભાઈ વૈધ (ઉ.વ. ૫૩) એ નાગલપર ગામે કલરવ સોસાયટીમા રહેતા અજયભાઈ પરસોડા (કોળી) કુવાડવારોડ પોલીસ સ્ટેશન અને તેમના ૭ જેટલા સાગ્રીતો વિરુધ્ધ અપહરણ, મારામારી અને રાયોટ અંગેની કલમ હેઠળ કુવાડવા પોલીસ મથક મા ફરીયાદ નોંધાવી છે. મનીષભાઈએ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેઓએ થોડાક સમય પહેલા નાગલપર ગામે પોતાનુ રો હાઉસનુ કામ પુરુ કર્યુ છે અને ત્યા આશરે ૧૪૦ જેટલા મકાન આવેલા છે. આ રો હાઉસની દેખરેખ નાજાભાઈ માટીયા અને તેમના પત્ની જયાબેન (રહે બંને પીપળીયા ગામે) રાખે છે. તા.૨૫ નાં રોજ નાજાભાઈને કોલ કરી જણાવ્યુ કે નાગલપર ગામે કલરવ પાર્કમા સાફ સફાઈ કરવાની છે. જેથી તેઓએ ત્યા કલરવ પાર્કમા રહેતા જયંતીભાઈ કોળી અને તેમનાં પત્ની મંજુબેનને કહી સાફસફાઈ કરાવી હતી ત્યારબાદ તા. ૨૭ નાં રોજ જયંતીભાઈનાં પત્ની મંજુબેનનો કોલ આવ્યો કે ત્યા રહેતા અજયભાઈ કોળી અને તેમની પત્ની અમારા ઘર પાછળ આવ્યા અને તમે અમારા ઘરની પાછળ આવેલા છોડ કેમ કાઢી નાખ્યા તેમ કહીને બોલાચાલી કરી હતી જેથી મંજુબેને તેમને કહ્યુ કે અમે ત્યા આવીએ છીએ ત્યારબાદ સાંજે પાચેક વાગ્યે સાથે કામ કરતા યોગેશભાઈ કુબાવત, હીતેશભાઈ સોની અને પ્રતીક સોની કલરવ પાર્ક ખાતે ગયા હતા અને અજયભાઈ કોળી જે ઘરે હતા નહી એમના પત્ની હાજર હતા. તેમને કહ્યુ કે જેન્તીભાઈ કે તેમના પત્ની સાથે માથાકુટ કરતા નહી. તેથી બંને પક્ષ વચ્ચે ત્યા સામાન્ય બોલાચાલી થઈ હતી.

ત્યારબાદ તા.૨૮ નાં રોજ રાત્રે નાજાભાઈ માટીયાની પત્ની જયાબેનનો કોલ મનીષભાઈ પર આવ્યો હતો અને તેમણે કહ્યુ કે અજયભાઈ અને તેમની સાથે આવેલા છ થી ૭ જેટલા શખ્સો છરી અને ધારીયા જેવા ઘાતક હથિયાર સાથે ઘસી આવ્યા હતા દરવાજો તેમજ સીસીટીવી કેમેરા તોડી અને બહાર બોલાવી નાજાભાઈને કહ્યુ કે તારા શેઠ મનીપનુ ઘર કયા છે ઘર બતાવ તેમ કહી માથાકુટ કરી અને પતિ નાજાભાઈની કારમા તેનુ અપહરણ કરી લઈ ગયા હતા. આ સમયે મનીષભાઈને બનાવની જાણ થતા તેમને તુરંત ૧૦૦ નંબરમા કોલ કરી કહ્યુ કે પોતાની સાઈટ પર ચોકીદારી કરતા નાજાભાઈનુ કારમા અપહરણ કર્યુ છે અને રાજકોટ તરફ આવે છે. આ ઘટના બાદ કુવાડવા તરફ પહોંચતા આરોપીઓને પોલીસ પકડી લેશે તેવી જાણ થતા નાજાભાઈને તેમની કારમા જ મુકીને અધ્ધ વચ્ચેથી ઉતરી ગયા હતા. ત્યારબાદ કુવાડવા પોલીસ મથકે પહોંચી આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ નોંધાવતા પીઆઈ રજીયાની રાહબરીમા પીએસઆઈ ભટ્ટીએ તપાસ શરૂ કરી હતી.

# છેતરપિંડી કરી, ખોટા ડોક્યુમેન્ટ બનાવી વાણીજય વેરાની સરકારની રકમ ડુબાડવાના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

## વાણિજય વેરાની રકમના ચલણમાં ઉચાપત કરવાના ગુનામાં નિર્દોષ છોડતી અદાલત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટનાં યોગીનગર, પ્રમુખ સ્વામી ૩૮/બી, રૈયા ચોકડી પાસે રહેતા ફરીયાદી અરૂણાબેન રજનીકાંતભાઈ ટાંકએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આરોપી મણીલાલ મોહનલાલ પોપટ રહે. સુભાષનગર શેરી નં.૪, રૈયા રોડ, રાજકોટવાળા વિરૂધ્ધ પ્ર.નગર પોલીસમાં ફરીયાદ કરેલ હતી કે, આરોપી મણીલાલ પોપટે વેપારીશ્રી કૈલાશ પ્લાસ્ટીકના માલીક પાસેથી વાણીજય વેરાના ભરવાનો થતો વેરો ભરવા પુરા પૈસા લઈ અને એસ.બી.આઈ. બેંક, જાગનાથ પ્લોટ શાખા, રાજકોટમાં ઓછુ ચલણ ભરી અને ચલણમાં વધારાનો આંકડાનો ઉમેરો કરી વાણીજય વેરા કચેરી તથા સરકાર સામે છેતરપીડી કરેલ હોય આરોપી સામે છેતરપીડી કરી, ખોટા ડોકયુમેન્ટ બનાવવા અંગેની ફરીયાદીએ ફરીયાદ નોંધાવેલ. જે કેસ રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી.જજ-પી.એસ.સિન્ધી સાહેબની કોર્ટ સમક્ષ ચાલવા પર આવતા આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

આ કામમાં પંચ સાહેદો અને તપાસ કરનાર અધિકારીની જુબાની નામદાર કોર્ટ સમક્ષ લેવામાં આવેલ અને વાણીજય અધિકારીનો રીપોર્ટ, ફોરેન્સીક અભિપ્રાય અને દસ્તાવેજો અધિકારીએ ગુનાના કામે કબજે કરેલા અને આરોપીએ ખોટા ડોકયુમેન્ટ બનાવીને સરકાર સાથે છેતરપીડી કરેલ હોય, સરકારની આવક ડુબાડવા માટે ગુનાહિત કૃત્ય કરેલ હોય, જેથી આરોપીની પોલીસે ધરપકડ કરી તેની સામે ચાર્જશીટ કરેલ હતુ.

હાલના કેસમાં ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ફરીયાદી તરફે તપાસેલ સરકારી સાહેદો તથા અન્ય સાહેદોની જુબાનીઓ નોંધવામાં આવેલ હતી અને આરોપીએ માલીક પાસેથી વાણીજય વેરાના પૈસા સ્વીકારી અને બેંકમાં નહી ભરવાનું ગુનાહિત કૃત્ય કરવાનું સરકારશ્રીના રેકર્ડ સાથે ચેડા કર્યા અંગેનું તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હતા અને ફરીયાદપક્ષ યોગ્ય પુરતો પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ ન હોય. જે સંજોગોમાં આરોપી દોષમુકતી અને બેનીફીટ ઓફ ડાઉન મેળવવા હકદાર બને છે અને ફરીયાદ પક્ષ આરોપી સામે તહોમત મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય અને પોલીસે જે કલમો લગાવેલ છે, તે કલમોના જરૂરી તત્વો સાથે ફરીયાદ પક્ષે કરેલ તબકામાંથી મળેલ પુરાવા સુસંગત બેસતા ન હોય, જે તમામ હકિકતો જોતા ફરીયાદી પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય તેમજ આરોપી તરફે નામદાર વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાને લઈને નામદાર કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

આ કેસમાં આરોપી મણીલાલ મોહનલાલ પોપટ તરફે સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયેલ હતા.

# ગોકુલ પાર્કમાં પૌત્રના લગ્નના બે દિવસ પૂર્વે દાદાનું વાહન અકસ્માતમાં મોત



રાજકોટમાં માંડાડુંગર વિસ્તારમાં આવેલા ગોકુલ પાર્કમાં રહેતા વૃદ્ધ પૌત્રના લગ્નના બે દિવસ પૂર્વે રોડ ક્રોસ કરી ઘરે આવતા હતા. ત્યારે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું મોત નીપજતા પરિવારમાં લગ્નની ખુશીનો માહોલ માતમમાં ફેરવાયો હતો. આ અંગે માંથી વિગત મુજબ માંડાડુંગર વિસ્તારમાં આવેલ ગોકુલ પાર્કમાં રહેતા માવજીભાઈ કાનાભાઈ અઘારા નામના ૭૦ વર્ષના વૃદ્ધ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં માંડા ડુંગર ગોળાઈ પાસે શક્તિ હોટલ નજીક ચાલીને રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક વૃદ્ધ ત્રણ ભાઈ પાંચ બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. માવજીભાઈ અઘેરા ડ્રાઈવિંગ કામ કરતા હતા અને બે દિવસ બાદ પૌત્રના લગ્ન હોવાથી ગાડી મૂકીને ઘરે પરત ફરતા હતા. ત્યારે ઘર નજીક રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે ચડાવતા જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બજરંગવાડીમાં સિટી બસના ચાલકે એકટીવા સવાર મહિલાને હડફેટે લીધી



રાજકોટમાં બજરંગવાડી સર્કલ પાસે એકટીવા લઈને જતી મહિલાને ઠોકર માર્યાના બનાવો નોંધાયા છે સવારે મહિલાને ઠોકરે ચડાવતા દસ ફટ જેટલી મહિલા ઢસડાઈ હતી તેણીને ઈજા પહોચતા સારવાર અર્થે હોસ્પીટલે ખસેડાયી હતા આ બેકાબુ ડ્રાયવરો પણ કોઈપણ ભોગે અંકુશ લેવો જરૂરી બની ગયું છે. બજરંગવાડીના શાંતિનિકેતન પાર્કમાં રહેતા ખુશ્બુબેન પ્રણવભાઈ ભટ્ટ નામના ૨૮ વર્ષીય મહિલા સવારે પોતાનું એકટીવા લઈને કામ સબબ જતા હતા દરમિયાન બજરંગવાડી સર્કલ પાસે પહોચ્યા ત્યારે ૫૪ નંબરની સીટી બસ પુરપાટ ઝડપે ધસી આવી હતી અને ખુશ્બુબેનના એકટીવાને જોરદાર ટક્કર મારતા મહિલાનું એકટીવા સીટી બસ નીચે ફસાઈ ગયું હતું જયારે ઠોકર લાગતા પોતે દસ ફટ સુધી ઢસડાયા હતા અકસ્માતને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ છે ત્રણ દિવસમાં અકસ્માતને અંજામ આપનાર સીટી બસના ડ્રાયવરો પર કોઈપણ ભોગે અંકુશ મેળવવો જરૂરી છે અથવા તંત્ર દ્વારા અકસ્માત સર્જનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# પત્નીની મશ્કરી કરવા મુદ્દે ઠપકો આપ્યાનો ખાર રાખી આરટીઓ એજન્ટ પર હુમલો

## પુત્રને સ્કૂલે મૂકીને ઘરે આવતા યુવાનના બાઈકને આંતરી કાર ચાલક પાઈપ વડે તૂટી પડ્યો



રાજકોટ શહેરની ભાગોળે માલધારી સોસાયટી નજીક આરટીઓ એજન્ટને આંતરી કાર ચાલકે લોખંડના પાઈપ વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. આઠ મહિના પહેલા પત્નીની મશ્કરી કરવા બાબતે ઝઘડો થયો હયો જેનો ખાર રાખી હુમલો કર્યાનું જાણવા મળ્યુ છે. જાણવા મળતી વિગત મુજબ નવાગામમાં સમજુ પાર્કમાં રહેતો અને આરટીઓ એજન્ટ તરીકે કામ કરતો આશીષ રામજીભાઈ જાદવ (ઉ.વ.૩૬)નામનો યુવાન આજે સવારે તેના બે પુત્રને સ્કૂલે મૂકી બાઈક લય પરત ઘરે જતો હતો ત્યારે માલધારી સોસાયટી પાસે ગાર્ડન પરમ હંસ સ્કૂલ પાસે પહોંચતા કારમા ધસી આવેલા કેટરસના ધંધાથી કરણ ડાંગરે બાઈકને આંતરી કારમાંથી નીચે ઉતરી લોખંડના પાઈપ વડે હુમલો કરતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આઠ મહિના પહેલા ફરિયાદીની પત્નીની મશ્કરી કરવા બાબતે આરોપી સાથે ઝઘડો થયો હતો. જેને ખાર રાખી હુમલો કરાયાનું જાણવા મળ્યુ છે.

# જીવરાજ પાર્ક પાસે વોકિંગમાં નીકળેલા પ્રોફેસરના માતાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ

■ એક લાખનો ચેઈન ઝુટવી જનાર બાઈક સવાર સમડીની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મવડી હેડ ક્વાર્ટર નજીક પખવાડીયામા બીજી ચીલઝડપની ઘટના સામે આવી છે. રાત્રીનાં સમયે વોકીંગમા નીકળેલા પ્રોફેસરનાં માતાનાં ગળામાથી રૂ. ૧ લાખનો દોઢ તોલાનો સોનાનો ચેઈન ડબલ સવારી બાઈકમાં આવેલા બે શખ્સો ચીલઝડપ કરી ભાગી ગયાની ઘટના સામે આવી છે. ત્યારે આ બનાવમા તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીઓની ઓળખ મેળવવા તજવીજ શરુ કરી છે. જીવરાજ પાર્ક પાસે કસ્તુરી રેસીન્ડસીમા રહેતા જયોત્સનાબેન મહેન્દ્રભાઈ પટેલ (ઉ.વ. ૬૩) નામનાં વૃધ્ધા એ પોતાની ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેઓ હાલ નિવૃત જીવન જીવી રહયા છે અને તેમનો પુત્ર બી. કે. મોદી ફાર્મસી કોલેજમાં પ્રોફેસર છે અને તેમનાં પુત્રવધુ પ્રાદેશીક ખોરાક પ્રયોગશાળામા નોકરી કરે છે. ગઈ તા ૨૭ નાં રોજ રાત્રીનાં સમયે પોણા નવેક વાગ્યે સોસાયટીની બહાર મુખ્ય માર્ગ પર વોકીંગમા નીકળ્યા હતા આ સમયે જીવરાજપાર્કનાં ગેઈટથી પરત પોતાનાં ઘરે જતા હતા આ સમયે તુલસી લાઈવ બેકરીથી થોડે આગળ ડબલ સવારી બાઈક મા આવેલા બે શખ્સોએ જયોત્સનાબેને ગળામા પહેરેલો દોઢ તોલાનો સોનાનો ચેઈન ઝુટવી ફરાર થઈ ગયા હતા. આ સમયે એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશભાઈ જયોત્સનાબેનનાં ઘરે જતા તેઓએ કહ્યું હતુ કે તેમણે ડબલ સવારી બાઈકવાળાને જોયા હતા. ત્યારબાદ પુત્ર જયદીપને વાત કરી અને પોલીસમા ફરીયાદ નોંધાવી હતી આ ઘટનામા રાજકોટ તાલુકા પોલીસ અને ક્રાઈમ બ્રાંચની ટીમોએ આરોપીઓની ઓળખ મેળવી તેમને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# વાવડી પાસે પેટ્રોલપંપમાં ફિલરમેનને માર મારી લૂંટ ચલાવવાના કેસમાં બે આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

■ કર્મચારીના સગીર પુત્ર સહિત ત્રણ શખ્સોએ ઘટનાને અંજામ આપ્યો તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં વાવડી ફયુલ્સ નામના એચ.પી. કંપનીના પેટ્રોલપંપમાં ગત તા.૦૫/૦૨/૨૦૨૫ ના રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે ત્રણ બુકાનીધારી શખ્સો ધસી આવ્યા હતા અને પેટ્રોલપંપમાં કામ કરનાર ફીલરમેન વિષ્ણુભાઈ ગોસ્વામીને બેઝબોલના ધોકા અને હથોડી વડે માર મારી ગંભીરઈજા કરી પેટ્રોલપંપની ઓફીસમાંથી રૂ.૧૩,૦૦૦ની લુંટ ચલાવ્યાની પેટ્રોલ પંપના સંચાલક મયૂરધ્વજસિંહ ઉર્ફે મિતરાજસિંહ જાડેજાએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી પ્રતીકભાઈ પીયુષભાઈ દત્તા, રાહુલ નવઘણભાઈ મીર અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી લીધા હતા. હાલ જેલ હવાલે રહેલા આરોપી પ્રતીકભાઈ પીયુષભાઈ દત્તા અને રાહુલ નવઘણભાઈ મીરએ જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે અને મૂળ ફરિયાદી વતી રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગભાઈ એન. શાહ, મૂળ ફરિયાદીના એડવોકેટ નલીનકુમાર શુક્લ, અભિષેક શુક્લ, નીલ વાય. શુક્લ. હેતલ શુક્લ, વિધયાબા શુક્લ, જય શુક્લ, જય બરદાણા, અજય રાઠોડ, ભાર્ગવી પંડયા, મિતલ ખખ્ખર, ભરત ઉપાધ્યાય, ધર્મેશ દવે અને વિશ્વરાજસિંહ ગોહિલ રોકાયા હતા.

# બજરંગવાડીમાં જમીન તકરારમાં માતા-પુત્ર ઉપર પાંચ શખ્સોનો ધોકા વડે હુમલો

જામનગર રોડ પર બજરંગવાડીમાં જમીન બાબતે ચાલતા મનદુઃમ વચ્ચે વિરાજ નરશીભાઈ રજવાડીયા (ઉ.વ.૧૯) અને તેના માતા ભાવનાબેન પર તેજ વિસ્તારમાં રહેતાં તેના મોટાબાપુ વિઠ્ઠલ દયારામ રજવાડીયા અને તેના પુત્રો નિલેશ, વિમલ, પરેશ અને ચેતને ગાળાગાળી કરી, ધોકા વડે હુમલો કર્યોની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. બજરંગવાડીમાં રહેતા અને બી.કોમ.નો અભ્યાસ કરતા વિરાજ નરશીભાઈ રજવાડીયા (ઉ.વ.૧૯)એ પોલીસને જણાવ્યું કે, તેના પિતા તેજ વિસ્તારમાં ડેરી ચલાવે છે. ગઈકાલે તેના પિતા દૂધ દેવા ગયા હોવાથી ડેરીએ તે બેઠો હતો. તેની સામે પાનની દુકાન ધરાવતા તેના મોટાબાપુનો પુત્ર નિલેશ પોતાની દુકાને બેઠો હતો. મોટાબાપુ સાથે જમીન બાબતમાં મનદુઃખ ચાલતું હોવાથી નિલેશ તેને તાકીને જોતો હોવાથી તેણે નિલેશની સામે જોયું હતું. આથી નિલેશે નતું મારી સામે કેમ જોવે છેથ કહી ઉશ્કેરાઈ ગાળાગાળી કરવા લાગ્યો હતો. ઝઘડો વધુ ન વધે તે માટે તે ડેરી બંધ કરી ઘરે જતો રહ્યો હતો. પરંતુ રાત્રે તે મામાના દિકરા સાથે રામનાથ મહાદેવ મંદિરે જવા ઘરની બહાર નિકળતા નિલેશે તેની સાથે ગાળાગાળી કરી હોવાના મંદે તેના મોટાબાપુ વિઠ્ઠલ રજવાડીયાએ લાકડી લઈ આવી ઝઘડો કર્યો હતો. આ સમયે તેના માતા ભાવનાબેન બહાર આવી મોટાબાપુને ઝઘડો નહીં કરવા સમજાવતા મોટાબાપુએ ઉશ્કેરાઈ લાકડીથી હુમલાનો પ્રયાસ કર્યો હતો. માતા ભાવનાબેન વચ્ચે પડતા તેને ત્રણેક ઘા ઝીંકી દીધા હતા. ત્યાર બાદ ત્યાં આવેલ મોટાબાપુના દિકરા વિમલ, પરેશ અને ચેતન લાકડી ધોકાથી હુમલો કરતા તેને ઈજા થઈ હતી.

# ગાંધીગ્રામમાં પરિણીતાને આપઘાતની ફરજ પાડનાર પતિ સહિતના સાસરીયાઓ સામે ફરિયાદ

## પતિના અફેર બાબતે સાસરિયાંને જાણ કરતા ત્રાસ આપ્યોઃ મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી

પૂર્વે ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી પરિણીતાએ ફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હોય ત્યારે તેણીએ પતિના અફેર બાબતે સાસરિયામાં જાણ કરતા સાસુ, દિયર દેરાણીએ ત્રાસ આપી મારવા મજબૂર કર્યો હોવાના આક્ષેપો સાથે મૃતકના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, ગત તારીખ ૨૪/૨ ના સાંજના સમયે ગાંધીગ્રામ શેરી નં ૩ માં આવેલ શ્રી રેસીડેન્સી એપાર્ટમેન્ટમાં રહેતી રીમાબેન ઉમેશભાઈ વાડોદરા નામની ૨૭ વર્ષી ય પરણીતા એ કરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ અંગે તેણીના પિતા પરેશ રતિલાલ પરમાર ગાંધીગ્રામ પોલીસ મથકમાં મૃતકના પતિ ઉમેશ નરસીભાઈ વાડોદરા, સાસુ શારદાબેન, દિયર ધર્મેશભાઈ, દેરાણી ઉર્વી શાબેન સામે મરવા મજબૂર કરવા અંગેનો ગુનો નોંધાવતા જણાવ્યું હતું કે, તેમની પુત્રી રીમાના લગ્ન સાત વર્ષ અગાઉ જ્ઞાતિના રીત રિવાજો મુજબ થયા હતા. તેણીને સંતાનમાં એક પાંચ વર્ષનો દીકરો છે. આજથી પાંચ મહિના પૂર્વે તેમની પુત્રી રીસામણે આવેલ ત્યારે તેઓને જણાવેલ કે, ઉમસ તેના ફોનમાં આખો દિવસ વ્યસ્ત રહેતો હોય અને તેનું કોઈ અન્ય સાથે અફેર હોવાનું જાણવા મળેલ જેથી આ બાબતે બંને પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતાં ઉમેશ તેને માર મારતો હોય તેમજ તેના સાસુ પણ નાની નાની વાતમાં ઝઘડાઓ કરીને હાથ ઉપાડી લેતા હોવાનું ફરિયાદીને મૃતક રીમાએ કહ્યું હતું. વધુમાં દોઢ માસ પૂર્વે રીમા તેના દેરાણીના ઘરે શ્યામનગરમાં ગયેલ ત્યારે તેને ગાળો આપીને ઘરમાંથી કાઢી મૂકાઈ હતી. ફરિયાદી પરેશભાઈએ જણાવ્યું હતું કે, તેમની પુત્રીને ૫ વર્ષનો દીકરો હોય તેને તરછોડવા ન પડે તે માટે અગાઉ પણ સમાજના વડીલોને વચ્ચે રાખી સમાધાન કરવામાં આવ્યું હતું. પરંતુ દીકરીના સાસરિયા દ્વારા માનસિક ત્રાસ વધતો જતો હોય જેથી ફરિયાદીની દીકરી રીમા મરવા મજબૂર બની ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. ગાંધીગ્રામ પોલીસે ફરિયાદના આધારે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામમાં કારખાનામાં યુવકનું વિજશોકથી મોત

## બીમારીથી કંટાળી જાત જલાવી લેનાર વૃદ્ધાનો જીવનદીપ બુઝાયો

રાજકોટ શહેરમાં નવાગામ વિસ્તારમાં આવેલ શાંતિ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા યુવકનું વિજશોકથી મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ નવાગામ વિસ્તારમાં આવેલ શાંતિ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કામ કરતો ટીહિયા નબુભાઈ બિનવાલ (ઉ.વ.૨૦) સાંજના ચારેક વાગ્યાના અરસામાં કામ કરતો હતો ત્યારે અકસ્માતે વીજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ ઉપરાંત બીજા બનાવમાં કોઠારીયા વિસ્તારમાં આવેલ વીર મેઘમાયાનગરમાં રહેતા જશુબેન લાભુભાઈ સાગઠીયા નામના ૬૬ વર્ષના આઠ દિવસ પોતાના ઘરે હતા. ત્યારે માનસિક બીમારીથી કંટાળી પોતાની જાત જલાવી લીધી હતી. વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.